# Current Affairs December-2017

## 1.December 2017

**(૧) બીજા ત્રીમાસીક ગાળામાં ભારતનો જીડીપી ૬.૩ ટકા થયો :**

– વર્ષ ૨૦૧૭ના બીજા ત્રિમાસીક ગાળા જુલાઇથી સપ્ટેમ્બરમાં જીડીપી ૬.૩ ટકા રહ્યો.

– પ્રથમ ત્રિમાસિક ગાળામાં જીડીપી ૫.૭ ટકા હતો.

– નોટબંધી અને જીએસટી બાદ જીડીપીમાં વધારો થતાં સરકારને રાહત થઇ.

– વર્ષ ૨૦૧૭–૧૮માં નાણાંકિય ખાદ્ય જીડીપીના ૩.૨ ટકા લઇ જવાનો સરકારનો લક્ષ્યાંક છે.

– ગયા વર્ષે સરકારે નાણાંકિય ખાદ્ય જીડીપીના ૩.૫ ટકા રાખવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો. જેમાં સફળતા મળી હતી.

**(૨) એર ટુ એર રિફ્યુઅલિંગ :**

– તાજેતરમાં ભારતીય હવાઈ દળ (IAF) એ હવામાં જ યુદ્ધ વિમાનને ઇંધણ પુરૂ પાડવાની કુશળતાનું પ્રદર્શન કર્યું.

– આ એર ટુ એર રિફ્યુઅલિંગ સિસ્ટમ, એરબોર્ન અર્લી વોર્નિંગ એન્ડ કન્ટ્રોલ ફંકશન તરીકે ઓળખાય છે.

– આ મોડર્ન ટેકનિક ધરાવતું એમ્બ્રેયર એક ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ છે. જેનાથી એક વિમાન દ્વારા બીજા વિમાનમાં ઇંધણ ભરવામાં આવે છે.

– આ સિસ્ટમથી વિમાનની ઉડ્ડયન ક્ષમતામાં ૪ કલાનો વધારો થશે.

– જેથી હવે યુદ્ધ સમયે વિમાનને નજીકના એરોડ્રામ સુધી ઉતરાણ કરવું નહીં પડે.

– આ સાથે આઇએએફ એવા ચૂનીંદા દેશોમાં આવી ગયું છે જેની પાસે આ સિસ્ટમ હોય.

**(૩) વર્લ્ડ એઇડ્સ ડે**

**(૪) પ્રમોદકુમાર (DGP)**

– રાજ્યના નવા ઇન્ચાર્જ DGPતરીકે પ્રમોદકુમારની નિમણૂંક કરવામાં આવી.

– પ્રમોદકુમાર ૧૯૮૩ બેચના ગુજરાત કેડરના આઇપીએસ અધિકારી છે.

– તેઓ હવે ગીતા જોહરીનું સ્થાન લેશે.

– પ્રમોદકુમાર જાન્યુઆરી ૨૦૧૮માં નિવૃત્ત થશે.

– આ પહેલા ત્રણ વર્ષ પહેલા જ્યારે અમિતાભ પાઠક રાજ્યના ડીજીપી હતા ત્યારે તેઓનું બેંગકોક ખાતે અવસાન થયું હતું.

– ત્યારે પણ પ્રમોદકુમારને ઇન્ચાર્જ ડીજીપી બનાવાયા હતા., આમ, બીજી વખત તેમને ઇન્ચાર્જ ડીજીપી બનાવાયા છે.

**(૫) મીરાબાઇ ચાનું : વેઇટ લિફ્ટિંગ**

– ભારતની સૈખોમ મિરાબાઇ ચાનુએ વર્લ્ડ વેઈટ લિફ્ટિંગ ચેમ્પિયનશીપમાં ગોલ્ડમેડલ જીતી ઇતિહાસ સર્જ્યો.

– અમેરિકામાં યોજાયેલી ચેમ્પિયનશીપમાં તેણે સ્નેચમાં ૮૫ કિગ્રા અને ક્લીન એન્ડ જર્કમાં ૧૦૯ કિગ્રા મળી કુલ ૧૯૪ કિગ્રા વજન ઉચકી રેકોર્ડ બનાવ્યો.

– આ સાથે ભારતે ૨૨ વર્ષ બાદ વર્લ્ડ વેઇટ લિફ્ટિંગ ચેમ્પિયનશીપમાં ગોલ્ડમેડલ જીત્યો.

– આ પહેલા ૧૯૯૫માં ભારતની કર્ણમ મલ્લેશ્વરીએ ગોલ્ડ મેડલ જીત્યો હતો.

– આમ વર્લ્ડ વેઇટ લિફ્ટિંગમાં ગોલ્ડમેડલ જીતનાર મિરાચાનું ભારતની બીજી ખેલાડી બની ગઇ છે.

– મીરાબાઇ ચાનુ મણીપુરના વતની છે તથા તેણે વર્ષ ૨૦૧૪માં ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ તથા વર્ષ ૨૦૧૬માં સાઉથ એશિયન ગેમ્સમાં ગોલ્ડમેડલ જીત્યો હતો.

**(૬) એશિયન આર્ચરી :**

– ઢાંકામાં યોજાયેલ એશિયન આર્ચરીમાં ભારતીય તીરંદાજોએ શાનદાર દેખાવ કર્યો.

– આ ચેમ્પિયનશીપમાં ભારતે ત્રણ ગોલ્ડ, ચાર સિલ્વર તથા બે બ્રોન્ઝ મેડલ જીત્યા હતા.

**(૭) સઇદ અજમલ : ક્રિકેટર :**

– પાકિસ્તાનના ઓફ સ્પિનર સઇદ અજમલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તી જાહેર કરી.

– તેણે પાકિસ્તાન તરફથી ૩૫ ટેસ્ટમાં ૧૭૮ વિકેટ ઝડપી હતી.

**(૮) રશિયા ફુટબોલ વર્લ્ડકપનો મેસ્કોટ જાહેર :**

– વર્ષ ૨૦૧૮માં રશિયા ખાતે ફૂટબોલ વર્લ્ડકપ યોજાશે.

– ૧૪ જૂનથી ૧૪ જૂલાઇ, ૨૦૧૮ દરમિયાન યોજાશે.

– આ વર્લ્ડકપમાં મેસ્કોટનું નામ 'ઝાબિવાક્' છે.

**(૯) શ્રીરૂપા બોઝ – પૂર્વ મહિલા ક્રિકેટર :**

– ભારતની ભૂતપૂર્વ મહિલા ક્રિકેટર શ્રીરૂપા બોઝનું અવસાન.

– ઓલ રાઉન્ડર શ્રીરૂપા ધરેલું ક્રિકેટમાં બંગાળ ટીમનું પ્રતિનિધિત્વ કરતાં.

– તેમણે વર્ષ ૧૯૮૫માં ભારત તરફથી બે વન–ડે મેચ રમી હતી.

– આ સિવાય તેઓ ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કોચ પણ રહી ચૂક્યા હતા.

પ્રશ્નો :

૧ બીજા ત્રિમાસીક ગાળામાં ભારતનો જીડીપી કેટલો રહ્યો ?

– ૬.૩ ટકા

૨ વર્ષ – ૨૦૧૭–૧૮માં નાણાંકિય ખાદ્ય જીડીપીના કેટલા ટકા લઇ જવાનો લક્ષ્યાંક રાખ્યો છે ?

– ૩.૨ ટકા

3 એર ટુ એર રિફ્યુઅલિંગ સિસ્ટમને શું કહેવામાં આવે છે ?

– એરબોર્ન અર્લી વોર્નિંગ એન્ડ કન્ટ્રોલ ફંકશન

૪ ૧ ડિસેમ્બરના રોજ કયો આંતરરાષ્ટ્રીય દિવસ મનાવાય છે ?

– વિશ્વ એઇડ્સ દિવસ

૫ હાલમાં રાજ્યના ડીજીપી કોણ છે ?

– પ્રમોદકુમાર

૬ પ્રમોદકુમાર કયાં વર્ષના આઇપીએસ અધિકારી છે ?

– ૧૯૮૩ બેચ, ગુજરાત કેડર

૭ મિરાબાઇ ચાનુ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા છે ?

– વેઇટ લિફ્ટિંગ

૮ તાજેતરમાં અમેરિકામાં યોજાયેલ વર્લ્ડ વેઇટ લિફ્ટિંગ ચેમ્પિયશીપમાં કેટલા કિગ્રા વજન ઉચકી મિરાબાઇએ ગોલ્ડમેડલ જીત્યો ?

– ૧૯૪ કિગ્રા

Vivekanand Academy Gandhinagar

૯ મિરાબાઇ ચાનું પહેલા ક્યાં ભારતીયે વેઇટ લિફ્ટિંગમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો ?

– કર્ણમ મલ્લેશ્વરી, ૧૯૯૫

૧૦ તાજેતરમાં ઢાંકામાં યોજાયેલ એશિયન આર્ચરીમાં ભારતે કેટલા મેડલ જીત્યા ?

– ૯

૧૧ તાજેતરમાં ક્યાં પાકિસ્તાની ક્રિકેટરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તીની જાહેરાત કરી ?

– સઇદ અજમલ

૧૨ વર્ષ ૨૦૧૮માં રશિયામાં યોજાનાર ફૂટબોલ વર્લ્ડકપનું મેસ્કોટ ?

– ઝાબિવાક્

૧૩ તાજેતરમાં ક્યાં પૂર્વ ભારતીય મહિલા ક્રિકેટરનું અવસાન થયું ?

– શ્રીરૂપા બોઝ

## 2.December 2017

**૧ વર્લ્ડ કમ્પ્યુટર લિટરેસી ડે**

**૨ પાકિસ્તાનના પેશાવરમાં આતંકી હુમલો :**

– પાકિસ્તાનની પેશાવર યુનિવર્સિટીની એગ્રીકલ્ચર કોલેજમાં ત્રણ બુકાનીધારી આતંકીઓ દ્વારા હુમલો થયો.

– આ ગોળીબારમાં ૧૨ વ્યક્તિના મૃત્યુ થયા હતા તથા ૩૨ થી વધારે લોકો ઘાયલ થયા હતા.

– હુમલાની જવાબદારી આતંકી સંગઠન તહેરીકે તાલીબાને લીધી હતી.

**૩ ૨૦૧૭માં મોદી સૌથી વધુ સર્ચ કરાયેલ વ્યક્તિ :**

– Yahoo (યાહુ) મુજબ વર્ષ ૨૦૧૭માં સૌથી વધુ સર્ચ કરાયેલી વ્યક્તિ વડાપ્રધાન નરેન્દ્ર મોદી છે.

– ત્યારબાદ ડોનાલ્ડ ટ્રમ્પ અને યોગી આદિત્યનાથ અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાનપર છે.

– વ્યક્તિ સિવાયની સર્ચ કરાયેલી વસ્તુઓની યાદીમાં આધાર પ્રથમ ક્રમે આવે છે.

– ત્યારબાદ બીજા અને ત્રીજા ક્રમ પર આઇપીએલ અને જીએસટી આવે છે.

પ્રશ્ન :

૧ વર્લ્ડ કમ્પ્યુટર લિટરસી ડે ક્યારે મનાવાય છે ?

– ૨ ડિસેમ્બર

૨ તાજેતરમાં પાકિસ્તાનની કઇ યુનિવર્સિટીમાં આતંકી હુમલો થયો ?

– પેશાવર

૩ Yahooમુજબ વર્ષ – ૨૦૧૭માં સૌથી વધુ સર્ચ કરાયેલ વ્યક્તિ ?

– નરેન્દ્ર મોદી

૪ Yahooમુજબ વ્યક્તિ સિવાયની સૌથી વધુ સર્ચ કરાયેલ વસ્તુમાં પ્રથમ ક્રમ જણાવો ?

– આધાર

## 3.December 2017

**૧ વિશ્વ વિકલાંગ દિવસ**

**૨ આંધ્રપ્રદેશમાં કાપુ સમુદાયને અનામત**

– તાજેતરમાં આંધ્રપ્રદેશ વિધાનસભા કાપુ જાતિને ૫ ટકા અનામતની જોગવાઇ પુરી પાડતું બિલ સર્વાનુમતે પસાર થયું.

– ચંદ્રાબાબુ નાયડુની સરકાર દ્વારા આ બિલ પસાર થવાથી અનામતનું પ્રમાણ ૫૦ ટકાથી વધૂ ન થવું જોઇએ તેવી સુપ્રિમ કોર્ટની પ્રમાણ મર્યાદાનો ભંગ થાય છે.

– આ માટે કાપુ સમાજ માટે પછાત જાતિઓમાં નવી 'એફ' કેટેગરી ઉભી કરાઇ છે.

– ૫૦ ટકાની મર્યાદા વટાવી જતાં કેન્દ્રની મંજુરી લેવી પડશે.

– આ સાથે કાપુ, ઓન્તારી, તેલાગા અને બાલિજા એમ ચાર જાતિઓને સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતનો આ લાભ મળશે.

**૩ સલિલ પારેખ**

– આઇટી ક્ષેત્રની અગ્રણી કંપની ઇન્ફોસીસના સીઇઓ અને એમડી તરીકે સલીલ એસ.પારેખની નિમણૂંક કરવામાં આવી આગામી ૨ જાન્યુઆરીથી તેઓ કાર્યભાર સંભાળશે. તથા તેમની ૫ વર્ષ માટે નિમણૂંક થઇ છે.

– પારેખ કમ્પ્યુટર સાયન્સમાં માસ્ટર ઓફ એન્જિનિયરીંગ તથા કોર્નેલ યુનિવર્સિટીમાંથી મિકેનિકલ એન્જીનિયરીંગની ડીગ્રી મેળવી છે.

– હાલમાં તેઓ ફ્રેંચ કંપની કેપજેમિનીના બોર્ડમા છે.

– તેઓ હવે કાર્યકારી સીઇઓ પ્રવિણ રાવનું સ્થાન લેશે.

– ઇન્ફોસીસના અત્યાર સુધીના સીઇઓની યાદી

(૧) નાયરાણ મૂર્તિ (૧૯૮૧ થી ૨૦૦૨

(૨) નંદન નિલકેણી (માર્ચ ૨૦૦૨ થી એપ્રિલ ૨૦૦૭)

(૩) એસ. ગોપાલકૃષ્ણન (એપ્રિલ ૨૦૦૭ થી ઓગષ્ટ ૨૦૧૧)

(૪) એમડી શિબુલાલ (ઓગષ્ટ ૨૦૧૧ થી જૂલાઇ ૨૦૧૪)

(૫) વિશાલ સિક્કા (ઓગસ્ટ ૨૦૧૪ થી ઓગસ્ટ ૨૦૧૭)

(૬) યુબી પ્રવિણ રાવ (ઓગસ્ટ ૨૦૧૭ થી અત્યાર સુધી)

**(૪) જટાયુ નેચર પાર્ક :**

– કેરળના કોલ્લમ જિલ્લાના ચદયામંગલમ ગામે જટાયુની સૌથી મોટી પ્રતિમા બનાવાઇ છે.

– આ સ્થળને 'જટાયુ નેચર પાર્ક ' નામ આપવામાં આવ્યું છે.

– ૭ વર્ષ તૈયાર થયેલ આ પાર્ક ૬૫ એકરમાં ફેલાયેલો છે. જે હવે લોકો માટે ખૂલ્લો મૂકાયો છે.

– કેરળમાં પૌરાણિક માન્યતા પ્રમાણે આ એ સ્થળ છે જ્યાં સીતાજીનું હરણ કરીને લઇ જતી વખતે પક્ષીરાજ જટાયુની રાવણ સાથે લડાઇ હતી.

– આ પાર્કમાં સમુદ્રથી ૧૦૦૦ ફુટ ઉંચે જટાયુની સુંદર પ્રતિમાં બનાવાઇ છે જે પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

– પ્રતિમા ૨૦૦ ફુટ લાંબી, ૧૫૦ ફુટ પહોળી અને ૭૦ ફુટ ઉંચ છે.

– આ પ્રતિમાને ફિલ્મ નિર્દેશક રાજીવ અંચલે ડિઝાઇન કરી છે.

– તેના નિર્માણમાં રૂા. ૧૦૦ કરોડનો ખર્ચ થયો છે.

– આ પાર્કમાં એડવેન્ચર સેન્ટર પણ છે જેમાં ૨૦ પ્રકારની એક્ટિવીટી પણ શરૂ કરાઈ છે. જેમાં સ્પોટ્સઝોન, ક્લાઇમ્બિંગ, લેઝર ટેગ, પેઇન્ટબોલ, ઉપરાંત ડિઝિટલ મ્યુઝિયમ અને ૬ થીયેટર જેમાં જટાયુ અને રામાયણની ઝલક દેખાડાશે.

**(૫) કોણાર્ક મહોત્સવ :**

Vivekanand Academy Gandhinagar

- દર વર્ષે ઓરિસ્સા ખાતે કોણાર્ક મહોત્સવનું આયોજન થાય છે.
- આ વર્ષે ૧ થી ૫ ડિસેમ્બર દરમિયાન આયોજન થયુ જેમા ઇન્ટરનેશનલ સેન્ડ આર્ટ ફેસ્ટિવલનું આયોજન કરાયું છે.
- આ પાંચ દિવસ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે દેશ–વિદેશના કલાકારોને પોતાની કલાની પ્રસ્તુતી કરવાની તક આપવામાં આવે છે.
- આ વર્ષ ગુજરાતમાંથી એકમાત્ર થાનગઢના સેન્ડ આર્ટીસ્ટ રાજેશ મૂળિયાને આમંત્રીત કરાયા હતા.
- તેમણે પ્રથમ દિવસે કોણાર્કના ચંદ્રભાગા દરિયા કિનારે રેતીમાં 'સેવ ધ સી' થીમ પર સેન્ડ આર્ટ તૈયાર કર્યું હતું જ્યારે બીજા દિવસે 'બુધ્ધા' થીમ પર સેન્ડ આર્ટ તૈયાર કર્યું હતું.

પ્રશ્નો :

૧ ૩ ડિસેમ્બરના રોજ કયો વૈશ્વિક દિવસ મનાવાય છે ?
- વિશ્વ વિકલાંગ દિવસ

૨ તાજેતરમાં આંધ્રપ્રદેશમાં કઇ જાતીના સમુદાયને અનામત આપતું બિલ પસાર થયું ?
- કાપુ

૩ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીતનું નામ જણાવો ?
- ચંદ્રબાબુ નાયડુ

૪ ઇન્ફોસીસના અધ્યક્ષપદે કોની નિમણૂંક કરવામાં આવી ?
- સલીલ પારેખ

૫ ઇન્ફોસીસ કંપનીના પ્રથમ સીઇઓ કોણ હતા?
- નારાયણ મૂર્તિ

૬ કયાં રાજ્યમાં જટાયુ નેચર પાર્ક બનાવવામાં આવ્યો ?
- કેરળ

૭ કેરળના કોલ્લમ જીલ્લામાં ચંદયામંગલમ ગામે જટાયુ નેચર પાર્કમાં જટાયુની પ્રતિમાની લંબાઇ જણાવો ?
- ૨૦૦ ફુટ

૮ દર વર્ષે કયાં રાજ્યમાં કોણાર્ક મહોત્સવ યોજાય ?
- ઓરિસ્સા

૯ ઓરિસ્સામાં કોણાર્ણ મહોત્સવમાં કયાં ગુજરાતીએ સેન્ડ આર્ટ ફેસ્ટીવલમાં ભાગ લીધો ?
- રાજેશ મૂળીયા

૧૦ રાજેશ મૂળિયાએ પ્રથમ દિવસે કઇ થીમ પર સેન્ડ આર્ટ તૈયાર કર્યું હતું ?
- સેવ ધ સી

## 4.December 2017

**૧ નૌસેના દિવસ :**

**૨ વિરાટ કોહલી – ક્રિકેટર :**

- તાજેતરમાં શ્રીલંકા સામેની ત્રીજી ટેસ્ટમાં વિરાટ કોહલીએ ૨૪૩ રન ફટકારી કારકીર્દિની છઠ્ઠી બેવડી સદી ફટકારી
- આ સાથે કેપ્ટન તરીકે સૌથી વધુ બેવડી સદી કોહલીએ લારાનો રેકોર્ડ તોડ્યો.
- સચિન અને સહેવાગ બાદ છ બેવડી સદી ફટકારનાર કોહલી ત્રીજો ભારતીય બન્યો.
- આ ઉપરાંત સતત બે ઇનિંગ્સમાં બેવડી સદી ફટકારવાની પણ અનોખી સિધ્ધી હાંસલ કરી.

**૩ અંડર – ૧૯ વર્લ્ડ કપ :**

- આગામી વર્ષે ૧૩ જાન્યુઆરીથી ત્રીજી ફેબ્રુઆરી સુધી ન્યુઝીલેન્ડ ખાતે અંડર–૧૯ વર્લ્ડકપ યોજાશે.
- આ માટે ૧૬ સભ્યોવાળી ભારતીય ટીમ જાહેર થઇ જેમાં કેપ્ટન તરીકે મુંબઇના પૃથ્વી શોને જવાબદારી સોંપાઇ છે.
- આ ટીમમાં ગુજરાતના વિકેટકિપર –બેટ્સમેન હાર્વિક દેસાઇનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- તથા શુભમગીલને વાઇસ કેપ્ટન બનાવાયો છે.
- ગત વર્લ્ડકપમાં રનર અપ રહેલી ભારતીય ટીમ વર્ષ ૨૦૦૦, ૨૦૦૮ અને ૨૦૧૨ માં ચેમ્પિયન બની હતી.
- ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયા સાથે સંયુક્તરીતે સૌથી વધુ વર્લ્ડકપ જીતનાર ટીમ છે.

**૪ ચાબહાર બંદર – ઇરાન :**

- ઇરાનના ચાબહાર બંદરનો વિકાસ ભારત કરશે.
- આ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૩ મે, ૨૦૧૬ના રોજ ઇરાન સાથે કરાર કર્યા હતા.
- ભારત કુલ ૩૨૫૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે.
- આ પ્રોજેક્ટને ઇન્ડિયા ગ્લોબલ પોર્ટ્સ લિમિટેડ લીડ કરી રહ્યું છે.
- તાજેતરમાં ભારતે ૧૮ મહિનામાં આ પ્રોજેક્ટના પહેલા ફેઝનું કામ પૂર્ણ કર્યું.
- પહેલા ફેઝમાં કુલ ૫૫૪ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો.
- પહેલા ફેઝનું કામ પૂર્ણ થયા બાદ ઇરાનના રાષ્ટ્રપતિ હસન રૂહાનીએ તેનું ઉદ્ઘાટન કર્યુ હતું. જેમાં ભારતના કેબિનેટ મંત્રી પી. રાધાકૃષ્ણન સહીત ૨૭ દેશોના પ્રતિનિધિ હાજર રહ્યા હતા
- આગામી ૧૦ વર્ષ સુધી ભારત દર વર્ષે ઇરાનને આ પ્રોજેક્ટ માટે આશરે ૧૫૦ કરોડ રૂપિયા આપશે.
- પહેલા ફેઝના પોર્ટની કુલ ક્ષમતા ૮૫ લાખ ટન છે. તથા હજુ બીજા ૩ ફેઝ પણ છે.
- ચાબહાર બંદર વિકસાવતા ભારતને થતા લાભ :
  અફઘાનિસ્તાન, મધ્યપૂર્વ દેશો અને યુરોપના દેશો સાથે વેપાર કરવાનું સરળ બનશે.
- ભારતથી રશિયા સુધી સામાન લઇ જવામાં લગભગ ૪૫ દિવસ ઓછા લાગશે.
- ભારતના કંડલા તથા ચાબહારનું અંતર દિલ્હી – મુંબઇના અંતરથી પણ ઓછું છે.
- ચાબહાર પાકિસ્તાનના ગ્વાદર પોર્ટથી ૧૦૦ કિ.મી. દુર છે. જેને ચીન વિકસાવી રહ્યું છે. માટે ભારત આ પોર્ટનો વિકાસ કરવો જરૂરી હતો.
- ભારત ચાબહારથી અફઘાનિસ્તાનની સરહદે આવેલા જરાંજ શહેર સુધી ૮૮૩ કિમી રોડ બનાવી ચૂક્યો છે.
- આ ઉપરાંત ભારત ચા બહારથી અફઘાનિસ્તાન સરહદે જહેદાન શહેર સુધી ૧૦૪૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ૫૦૦ કિ.મી લાંબી રેલવે લાઇન પણ બનાવી રહ્યો છે.

**૫ ચંદ્રયાન– ૨: ઇસરો :**

- ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો) ચંદ્રયાન– ૧ મિશનની સફળતા બાદ વર્ષ ૨૦૧૮માં ચંદ્રયાન– ૨ લોન્ચ કરશે.
- આમ ઇતિહાસમાં પહેલીવાર ઇસરો ચંદ્રની ધરતી પર પોતાની હાજરી નોંધાવવાની તૈયારી કરી રહ્યું છે.
- માર્ચ – ૨૦૧૮ના અંત સુધીમાં ચંદ્ર પર મુનરોવર મોકલી ચંદ્ર પર સંશોધનો કરશે.

Vivekanand Academy Gandhinagar

- મૂનસરોવર ૬ વ્હિકલ ધરાવતું વાહન હશે જે ચંદ્રની સપાટીનો અભ્યાસ કરી પૃથ્વી પર માહિતી મોકલશે.
- ૩૨૯૦ કિલો વજનનું ચંદ્રયાન–૨ ભારતનું ચંદ્ર પરનું બીજું મિશન હશે.
- વર્ષ ૨૦૦૮માં ઇસરોએ ઓરિસ્સાના શ્રી હરિકોટા ખાતેથી ચંદ્રયાન – ૧ મિશન લોન્ચ કર્યું હતું.
- પાંચ બાય પાંચ ફૂટનું એ યાન ચંદ્રની ભ્રમણકક્ષામાં સફળતાથી સ્થાપિત થયું હતું. અને ચંદ્રના ક્રેટરમાં પાણીના અંશ શોધવામાં સફળતા મેળવી હતી.
- ચંદ્રયાન – ૨ બાદ ઇસરો વર્ષ ૨૦૧૯માં સૂર્યના અભ્યાસ માટે 'આદિત્ય' મિશન પણ લોન્ચ કરશે.

પ્રશ્નો :

૧ નૌસેના દિવસ ક્યારે મનાવાય છે ?
- ૪ ડિસેમ્બર

૨ ડિસેમ્બર, ૨૦૧૭માં કયાં ક્રિકેટરી .. બેવડી સદી ફટકારી ?
- વિરાટ કોહલી

૩ છ બેવડી સદી ફટકારનાર કોહલી કેટલામો ભારતીય બન્યો ?
- ત્રીજો

૪ અંડર – ૧૯ વર્લ્ડકપ–૨૦૧૮ કયાં યોજાશે ?
- ન્યૂઝીલેન્ડ

૫ ભારતીય અંડર–૧૯ ક્રિકેટ ટીમના કેપ્ટન ?
- પૃથ્વી શો

૬ ભારતીય અંડર– ૧૯ ક્રિકેટ ટીમના વાઇસ કેપ્ટન ?
- શુભમ ગીલ

૭ ભારતીય અંડર–૧૯ ક્રિકેટ ટીમમાં કયા ગુજરાતીને સ્થાન મળ્યું ?
- હાર્વિક દેસાઇ

## 5.December 2017

**(૧) શશી કપૂર :–**

- હિન્દી ફિલ્મોના લોકપ્રીય અભિનેતા શીશ કપૂરનું ૭૯ વર્ષની વયે ૪ ડિસેમ્બરના રોજ અવસાન.
- મૂળનામ : બલવીરરાજ કપૂર
- જન્મ : ૧૮ માર્ચ, ૧૯૩૮ના રોજ કોલકત્તામાં થયો હતો.
- પિતા પૃથ્વીરાજ કપુરના ત્રણ દિકરાઓમાં સૌથી નાના શશીકપૂર હતા.
- તેમણે બાળ કલાકાર તરીકે કારકીર્દિની શરૂઆત કરી હતી.
- પૃથ્વી થિયેટર્સમાં નાટકોમાં તેઓ અભિનય કરતાં.
- બાળ કલાકાર તરીકે આગ (૧૯૪૮), સંગ્રામ (૧૯૫૦) આવારા (૧૯૫૧) અને દાનાપાની (૧૯૫૩) ફિલ્મમાં તેઓએ કામ કર્યું હતું.
- ૧૯૬૧માં ધરમપૂત્ર ફિલ્મથી તેમણે કારકીર્દિની શરૂઆત કરી હતી જેમાં મુખ્ય ભૂમિકા નિભાવી હતી.
- યશ ચોપરા દિગ્દર્શીત ધરમપુત્ર ફિલ્મ આચાર્ય ચતથુરસેન નામની નવલકથા પર આધારિત હતી.
- છેલ્લે તેમણે ૧૯૯૮માં આવેલી મોહમ્મદ અલી ઝીણાની જીવન પર બનેલી દિગ્દર્શન ફિલ્મમાં પણ કર્યું હતું. ઉપરાંત ૧૯૮૮માં એક રશિયન ફિલ્મનું દિગ્દર્શન કર્યું હતું.
- શશી પહેલા ભારતીય કલાકાર હતા જેમણે આંતરરાષ્ટ્રીય તેમણે કુલ ૧૨ વિદેશી ફિલ્મો કરી હતી.
- **તેમને મળેલા રાષ્ટ્રીય એવોડ્ઝ :**
  – ત્રણ પુરસ્કારથી સન્માનીત થયેલા.
  – ૧૯૭૯માં જુનન ફિલ્મ માટે નિર્માતા તરીકે.
  – ૧૯૮૬માં ન્યુદિલ્હી ટાઇમ્સ માટે શ્રેષ્ઠ અભિનેતા તરીકે.
  – ૧૯૯૪માં મુહાફિઝ ફિલ્મ માટે રાષ્ટ્રીય પુરસ્કારમાં સ્પેશ્યલ જ્યુરી એવોર્ડ મળ્યો હતો.
- ૨૦૧૦માં ફિલ્મફેર લાઇફટાઇમ અચિવમેન્ટ એવોર્ડ
- ફિલ્મ ઇન્ડસ્ટ્રીનો સર્વોચ્ચ પુરસ્કાર દાદાસાહેબ ફાળકે એવોર્ડ–૨૦૧૫માં
- આ ઉપરાંત વર્ષ ૨૦૧૧માં ભારત સરકાર દ્વારા પદ્મભૂષણથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- તેમણે પદ્મભૂષણ રાષ્ટ્રીય સન્માન મળેલ હોવાથી અંતિમ સંસ્કાર સંપૂર્ણ રાજકીય સન્માનથી કરાયા હતા.
- તેમના નશ્વર દેહને રાષ્ટ્રધ્વજ ઓઢાડીને સ્મશાનભૂમીએ લઇ જવામાં આવ્યા હતા.

**(૨) ફિચ – અમેરિકી રેટીંગ એજન્સી :**

- અમેરિકી રેટીંગ એજન્સી ફિચ દ્વારા ચાલુ વર્ષ ભારતનો જીડીપી ૬.૯ ટકાથી ઘટાડી ૬.૭ ટકા કર્યો.
- તેમજ વર્ષ ૨૦૧૮–૧૯ માટે ૭.૪ ટકાના બદલે ૭.૩ ટકા કર્યો.

**(૩) પારૂલ પરમાર – પેરા બેડમિન્ટન :**

- વર્લ્ડ પેરા બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં ગાંધીનગરની પારૂલ પરમારે બે ગોલ્ડ મેડલ જીત્યા.
- દક્ષિણ કોરિયા ખાતે યોજાયેલ આ ચેમ્પિયનશીપમાં ૪૧ દેશોના ખેલાડીઓએ ભાગ લીધો હતો.
- વર્લ્ડ પેરા બેડમિન્ટન ચેમ્પિયનશીપ માટે ભારતની ટીમમાંથી કુલ ૨૪ ખેલાડીઓની પસંદગી કરાઇ હતી.
- ભારતે આ ચેમ્પિયનશીપમાં ૨ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૬ બ્રોન્જ એમ કુલ ૧૦ મેડલ જીત્યા હતા.
- પારૂલ પરમારે સિંગલ્સ અને ડબલ્સ (એસ.એલ.૩) કેટેગરીમાં બે ગોલ્ડ જીત્યા.
- પારૂલ પરમાર હાલમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતમાં ડિસ્ટ્રીક્ટ કોચ તરીકે ફરજ બજાવે છે.
- તેમણે અર્જુન એવોર્ડ પણ મળી ચૂક્યો છે.

પ્રશ્નો :

૧ હિન્દી ફિલ્મોના લોકપ્રિય અભિનેતા શશીકપુરનું મૂળનામ જણાવો ?
- બલવીરરાજ કપુર

(૨) શશીકપુરની પ્રથમ ફીલ્મનું નામ જણાવો ?
- ધરમપુત્ર (૧૯૬૧)

૩ વર્લ્ડ પેરા બેડમિન્ટન ચેમ્પિયનશીપ– ૨૦૧૭નું આયોજન કયાં થયું હતું ?
- દક્ષિણ કોરીયા

૪ વર્લ્ડ પેરા બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં પારૂલ પરમારે કેટલા ગોલ્ડ મેડલ જીત્યા ?
- બે

## 6.December 2017

**(૧) હોમગાર્ડઝ ડે :**

- દર વર્ષે ૬ ડિસેમ્બરના રોજ હોમગાર્ડઝ ડે તરીકે ઉજવાય છે.

Vivekanand Academy Gandhinagar

- ડૉ. ઝાકીરહુસૈનએ હોમગાર્ડઝ દળની સ્થાપના કરી હતી તથા મોરારજી દેસાઇએ તેને પ્રોત્સાહન આપી પ્રાણ પૂર્યા હતા.
- ૧૯૪૬માં આ દળની સ્થાપના થઇ હતી.
- કોઈપણ આફતના સમયમાં ભારતીય નાગરિકોની રક્ષા કરવાનું આ દળનું કામ હોય છે.
- વર્ષ ૧૯૫૭માં લેડીઝ હોમગાર્ડઝની સ્થાપના થઈ હતી.

**(૨) ડૉ. બાબાસાહેબ આંબેડકર**

- આજે ડૉ.બાબાસાહેબ આંબેડકરનો મહાપરિવનિર્વાણ દિવસ છે.
- ડૉ આંબેડકર સાથે સંકળાયેલ મહત્વના સ્થળ :
  (૧)જન્મભૂમી : મહુ, મધ્યપ્રદેશ
  (૨) દિક્ષાભૂમી : નાગપુર
  (૩) ચૈતન્યભૂમી : દાદર, મુંબઈ
  (૪) ડૉ. આંબેડકર રાષ્ટ્રીય સ્મારક – ૨૬ અલીપુર રોડ, દિલ્હી
  (૫) ડૉ. આંબેડકર મેમોરીયલ – લંડન

**(૩) બ્લાઇન્ડ વર્લ્ડકપ – ક્રિકેટ :**

- આગામી વર્ષ ૨૧ જાન્યુઆરી થી પાકિસ્તાન અને દુબઇમાં બ્લાઇન્ડ ક્રિકેટ વર્લ્ડકપ યોજાશે.
- ભારતીય બ્લાઇન્ડ ક્રિકેટ ટીમમાં ત્રણ ગુજરાતીઓને સ્થાન મળ્યું છે.
- આ પહેલા ભારત વર્ષ ૨૦૧૪માં યોજાયેલ વર્લ્ડકપમાં ચેમ્પિયન બની હતી તથા વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૭માં યોજાયેલ ટીર૦ વર્લ્ડકપમાં પણ ચેમ્પિયન રહ્યું હતું.

પ્રશ્નો :

૧ હોમગાર્ડઝ ડે ક્યારે મનાવાય છે ?
– ૬ ડિસેમ્બર
૨ હોમગાર્ડઝ દળની સ્થાપના કોણે કરી હતી ?
– ડૉ. ઝાકીર હુસૈન
3 લેડીઝ હોમગાડ્ર્ઝ દળની સ્થાપના ક્યારે થઇ હતી ?
– ઇ.સ. ૧૯૫૭માં
૪ ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મ ક્યાં થયો હતો ?
– મહુ (મધ્યપ્રદેશ)
૫ ડૉ. આંબેડકર રાષ્ટ્રીય સ્માકર ક્યાં આવેલ છે ?
– ૨૬ અલીપુરરોડ દિલ્લી
૬ બ્લાઇન્ડ વર્લ્ડકપ –૨૦૧૮નું આયોજન ક્યાં થશે ?
– પાકિસ્તાન અને દુબઇ
૭ ૨૦૧૪ માં યોજાયેલ બ્લાઇન્ડ વર્લ્ડકપમાં વિજેતા ટીમ ?
– ભારત

## 7.December 2017

**(૧) ટાઇમ પર્સન ઓફ ધ યર :**

- અમેરિકાના પ્રખ્યાત ટાઇમ મેગેઝીને પર્સન ઓફ ધ યર તરીકે સાઇલેન્સ બ્રેકર મહિલાઓને જાહેર કર્યા હતા.
- વિશ્વભરમાં એવા લોકો જેમણે જાતીય સતામણી સામે અવાજ ઉઠાવ્યો હોય તેમના માટે આ જાહેરાત કરાઇ હતી.
- ઓક્ટોબર મહિનામાં એલિસ મિલાનો નામની યુવતીએ સોશીયલ મિડિયામાં પોતાની સાથે થઇ જાતીય સતામણીની વાત કરતા આખી દુનિયામાં આ ઝુંબેશ ચાલી હતી.
- ‘મીટુ’ કેમ્પેઇન તરીકે ચાલતી આ ઝુંબેશ વિશ્વભરમાં પ્રસિદ્ધ થઇ હતી અને અનેક લોકોએ તેને સપોર્ટ કર્યો હતો.
- વર્ષ ૧૯૨૭ થી ટાઇમ પર્સન ઓફ ધ યર ચૂંટવાની શરૂ થઇ હતી.
- અત્યાર સુધીમાં ૯૧ પર્સન ઓફ ધ યર પસંદ થઇ ચૂક્યા છે.
- મીટુ કેમ્પેઇન સાથે ૧૫ મી વખત કોઇ ગ્રુપ કે કેમ્પેઇનની ટાઇમ પર્સન ઓફ ધ યર તરીકે પસંદગી કરાઇ છે.
- ગત વર્ષ ડોનાલ્ડ ટ્રમ્પ ટાઇમ પર્સન ઓફ ધ યર તરીકે પસંદ કરાયા હતા.
- આ વર્ષની યાદીમાં ડોનાલ્ડ ટ્રમ્પ બીજા અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપીંગ ત્રીજા ક્રમે રહ્યા હતાં.

**(૨) વીરતા પુરસ્કાર વિજેતાઓની રકમમાં વધારો કરાયો :**

- કેન્દ્ર સરકારે વિરતા પુરસ્કારની રકમ બમણી કરી છે.
- પરમવીર ચક્ર વિજેતાને ૧૦ ને બદલે ૨૦ હજાર મળશે.
- ૧ ઓગષ્ટથી તમામ વિજેતાઓને વધારેલી રકમ મળશે ભલે કોઇપણ રેન્ક હોય.
- આ રકમ શહીદોની પત્ની તથા અપરિણીત શહીદના માતા–પિતાને દર મહીને અપાય છે.

**(૩) ડૉ. આંબેડકર સ્કીમ ફોર સોશિયલ ઇન્ટિગ્રેશન થ્રુ ઇન્ટરકાસ્ટ મેરેજ :**

- કેન્દ્ર સરકાર દ્વારા ઇન્ટરકાસ્ટ લગ્નોને પ્રોત્સાહન આપવા મહત્વની યોજના ચલાવાય છે.
- દલિત સાથે ઇન્ટરકાસ્ટ લગ્ન કરનાર દરેક યુગલને સરકાર દ્વારા રૂા. ૨.૫ લાખની સહાય આપવામાં આવે છે.
- કેન્દ્ર સરકારે આવાં લગ્ન માટે રૂા. ૫ લાખની મહત્તમ વાર્ષિક આવકની મર્યાદા રદ કરી છે.
- કેન્દ્રના આ નિર્ણયથી બીજી જ્ઞાતિમાં લગ્ન કરનાર તમામ વર્ગના લોકોને આ યોજનાનો લાભ મળશે.
- આવા ઈન્ટરકાસ્ટ લગ્ન કરનાર યુવક કે યુવતિમાં કોઇએક દલિત હોવા જરૂરી છે.
- આયોજના વર્ષ ૨૦૧૩માં શરૂ કરવામાં આવી હતી. જેમાં દર વર્ષે ૫૦૦ યુગલને નાણાકિય સહાય આપવાની જોગવાઇ હતી.
- આવા આંતરજ્ઞાતિ લગ્ન કરનાર દંપતિના પહેલા લગ્ન હોવા જોઇએ અને તેનું રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

**(૪) ઇન્ડિયા–શ્રીલંકા ટેસ્ટ સિરિઝ : ૨૦૧૭**

- તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમે શ્રીલંકા સામેની ૩ ટેસ્ટમેચની સિરિઝ ૧–૦ થી જીતી લઇ અનોખી સિદ્ધી મેળવી.
- આ સાથે ભારતે સતત ૯ સિરિઝમાં ચેમ્પિયન બની.
- આ શ્રેણીના વિજય સાથે ભારતે ઇંગ્લેન્ડ–ઓસ્ટ્રેલિયાના સળંગ ૯ શ્રેણી વિજયના વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી
- કેપ્ટન તરીકે સળંગ ૯ સિરિઝમાં વિજેતા થતાં કોહલીએ ઓસ્ટ્રેલિયાના રીકી પોન્ટીંગની બરાબરી કરી.

Vivekanand Academy Gandhinagar

- કોહલીએ ત્રીજી ટેસ્ટમેચમાં કારકીર્દિની છઠ્ઠી બેવડી સદી પણ ફટકારી હતી.

**(૫) શિયાળુ ઓલિમ્પિકમાં રશિયા પર પ્રતિબંધ :**
- આંતરરાષ્ટ્રીય ઓલિમ્પીક સમિતિએ ડોપીંગના મુદ્દે આગામી શિયાળુ ઓલિમ્પિકમાં રશિયા પર પ્રતિબંધ લાધ્યો છે.
- સરકાર જ ખેલાડીઓને પ્રતિબંધિત ડ્રગ પુરા પાડતી હોવાના આક્ષેપા સાથે રશિયાને ઘણી મેજર ઇવેન્ટમાં ભાગ લેવાની પરવાનગી આપવામાં આવી ન હતી.
- આગામી વર્ષ સાઉથ કોરીયામાં શિયાળુ ઓલિમ્પિક યોજાશે.
- રશિયાના એથ્લિટ્સ સ્વતંત્ર એથ્લિટ્સ તરીકે ભાગ લઇ શકશે. પરંતુ રશિયન રાષ્ટ્રધ્વજ અને તેમનું રાષ્ટ્રગાન નહીં વાગે

**(૬) SAARC બેડમિન્ટન ચેમ્પિયનશીપ :**
- પ્રથમ સાઉથ એશિયન એસોસિએશન ફોર રિજનલ કો–ઓપરેશન (SAARC) બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં ભારત ચેમ્પિયન બન્યું.
- ગુવાહાટીમાં યોજાયેલ આ ચેમ્પિયનશીપમાં ભારતે નેપાળને ૩–૦ થી હરાવી ચેમ્પિયન બન્યું હતું.

**(૭) તાજમહેલ યુનેસ્કોનું બીજી સર્વશ્રેષ્ઠ વારસા સ્થળ :**
- યુનેસ્કો સાંસ્કૃતિક અને પ્રાકૃતિક ધરોહર સ્થળોની યાદી તૈયાર કરાઇ.
- આ યાદીમાં તાજમહેલ બીજુ સર્વશ્રેષ્ઠ વારસા સ્થળ બન્યું.
- દર વર્ષે ૮૦ લાખ લોકો આગ્રા આવે છે.
- કંબોડીયાનું અંગરકોરવાટ પ્રથમ ક્રમે છે.
- ઓનલાઇન ટ્રાવેલ પોર્ટલ ટ્રિપ એડવાઇઝરના આ સર્વેક્ષણમાં સમગ્ર વિશ્વના પર્યટકોના આધાર પર મૂલ્યાંકન કરાયું હતું.

પ્રશ્નો :

૧ ટાઇમ પર્સન ઓફ ધ યર – ૨૦૧૬માં કોની પસંદગી થઇ હતી ?
- ડોનાલ્ડ ટ્રમ્પ

૨ ટાઇમ પર્સન ઓફ ધ યર– ૨૦૧૭માં પ્રથમ સ્થાન કોને મળ્યું ?
- મી ટુ કેમ્પેઇન

૩ વિરાટ કોહલીએ કારકીર્દિની છઠ્ઠી બેવડી સદી કઇ ટીમ વિરૂદ્ધ ફટકારી ?
- શ્રીલંકા

૪ તાજેતરમાં શિયાળુ ઓલિમ્પીકમાં કયા દેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો ?
- રશિયા

૫ આગામી વર્ષ શિયાળુ ઓલિમ્પીકનું આયોજન ક્યાં દેશમાં થશે ?
- સાઉથ કોરિયા

૬ SAARC બેડમિન્ટન ચેમ્પિયનશીપનું આયોજન ક્યાં થયુ હતું ?
- ગુવાહટી ખાતે

૭ યુનેસ્કો દ્વારા જાહેર કરવામાં આવેલા સર્વશ્રેષ્ઠ વારસા સ્થળ માં પ્રથમ સ્થળ કયું છે ?
- અંગકોરવાટ

## 8.December 2017

**(૧) કેરલાઇન વાવાઝોડું :**
- બ્રિટન પર વિનાશક વાવાઝોડું કેરલાઇન ત્રાટક્યું.
- આ વાવાઝોડાની ઝડપ કલાકના ૯૦ કિમીની છે. જેના કારણે સ્કૂલો, ટ્રેન તથા ફલાઇટ બંધ કરવાની ફરજ પડાઇ હતી.

**(૨) ટેસ્ટ રેન્કિંગ :**
- તાજેતરમાં શ્રીલંકા સામેની ટેસ્ટશ્રેણી બાદ આઇસીસી ટેસ્ટરેન્કિંગમાં સુધારો થયો.
- શાનદાર ફાર્મમા ચાલી રહેલા કેપ્ટન વિરાટ કોહલી બીજા ક્રમ પર છે. જ્યારે પુજારા ચોથા સ્થાન પર છે.
- ટેસ્ટ ઓલરાઉન્ડરમાં ભારતના રવિન્દ્ર જાડેજા અને આર. અશ્વિન અનુક્રમે બીજા અને ચોથા સ્થાને છે.
- જ્યારે ટેસ્ટ બોલર્સમાં ભારતના જાડેજા અને અશ્વિન અનુક્રમે બીજા અને ચોથા સ્થાને છે.
- જ્યારે ટેસ્ટ બોલર્સમાં ભારતના જાડેજા અને અશ્વિન અનુક્રમે ત્રીજા અને ચોથા સ્થાન પર છે.

**(૩) PAN સાથે આધાર જોડવાની મુદતમાં વધારો :**
- કેન્દ્ર સરકારે પાન કાર્ડ સાથે આધાર લિંક કરવાની મુદતમાં ત્રીજી વખત વધારો કર્યો.
- સરકાર દ્વારા હવે લીકીંગ માટે છેલ્લી તારીખ ૩૧ માર્ચ, ૨૦૧૮ આપવામાં આવી છે.
- સરકારે આવકવેરા કાયદા ૧૯૬૧માં ધારા 139AA દાખલ કર્યા બાદ ૧ જૂલાઇ ૨૦૧૭ થી તમામ કરદાતા માટે આધાર નંબર પાનકાર્ડ સાથે લીંક કરવાનું ફરજીયાત કર્યું હતું.

પ્રશ્નો :

૧ આઇસીસી ટેસ્ટ રેન્કિંગમાં બીજા અને ચોથા ક્રમના બેટ્સમેનનું નામ જણાવો
- ૨ વિરાટ કોહલી, ૪ ચેતેશ્વર પુજારા

૨ આઇસીસી ટેસ્ટ રેન્કિંગ માં ભારતના રવિન્દ્ર જાડેજાનો ક્રમ જણાવો ?
- ત્રીજો ક્રમ

૩ તાજેતરમાં કેરલાઇન વાવાઝોડું કયા દેશ પર ત્રાટ્યું હતું ?
- બ્રિટન

## 9.December 2017

**(૧) બંધારણ સભાની પ્રથમ બેઠક :**
- આજના દિવસે ૯ ડિસેમ્બર, ૧૯૪૬ના રોજ બંધારણ સભાની પ્રથમ બેઠક મળી હતી.
- આ બેઠક નવી દિલ્હીના કોન્સ્ટિટ્યુશન હોલ ખાતે મળી હતી જે હાલનો સંસદભવનનો સેન્ટ્રલ હોલ છે.
- આ સભામાં ૨૦૭ લોકો હાજર રહ્યા હતાં. જેમાં ૭ મહિલા હતા.
- બંધારણ સભાએ સ્વતંત્ર ભારતના બંધારણનો મુસદ્દો તૈયાર કરવામાં ૨ વર્ષ, ૧૧ મહિના અને ૧૮ દિવસનો સમય લીધો હતો.
- આ દરમિયાન કુલ ૧૧ સત્ર આયોજિત કરવામાં આવ્યા હતા.
- ૨૯ ઓગષ્ટ, ૧૯૪૭ના રોજ બંધારણ સભાએ ભારતના સંવિધાનનો મુસદ્દો તૈયાર કરવા માટે બી.આર. આંબેડકરની અધ્યક્ષતામાં સમિતિની રચના કરી.
- ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ ભારતના બંધારણને મંજુરી મળી અને ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ ૨૮૪ સભ્યોએ વાસ્તવિક રૂપે બંધારણ પર હસ્તાંક્ષર કર્યા.

Vivekanand Academy Gandhinagar

- ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ ભારતનું બંધારણ અમલમાં આવ્યું.

**(૨) બલોન ડી ઓર એવોર્ડ – ફૂટબોલ :**

- પોર્ટુગલના સુપરસ્ટાર ફુટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોને બલોન ડી' ઓર એવોર્ડથી સન્માનીત કરાયો.
- બલોન ડી' ઓર એવોર્ડ ફુટબોલનો સર્વશ્રેષ્ઠ એવોર્ડ મનાય છે.
- રોનાલ્ડોને પાંચમી વખત આ એવોર્ડ મળ્યો., આ સાથે તેણે મેસ્સીના ૫ એવોર્ડની બરોબરી કરી.
- પેરીસના એફીલ ટાવરમાં એવોર્ડ સેરેમની યોજાઇ હતી.

**(૩) વ્યાસ સન્માન –૨૦૧૭**

- હિંદી સાહિત્યકાર મમતા કાલિયાને વર્ષ – ૨૦૧૭નું પ્રતિષ્ઠિત વ્યાસ સન્માન અપાશે.
- તેમને આ સન્માન તેમની નવલકથા દુક્ખમ–સુક્ખમ માટે આપવામાં આવશે.
- સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિશ્વનાથ તિવારીના વડપણ હેઠળની સમિતિએ આ વર્ષના વ્યાસ સ્નમાન માટે મમતા કાલિયાની પસંદગી કરી હતી.

**(૪) કંચનમાલા પાંડે : પેરા સ્વિમર :**

- ભારતની કંચનમાલા પાંડેએ વર્લ્ડ પેરા સ્વિમિંગ ચેમ્પિયનશીપમાં ગોલ્ડમેડલ જીતી ઇતિહાસ સર્જયો.
- ૨૭ વર્ષના ઇતિહાસમાં વર્લ્ડ પેરા સ્વિમિંગમાં ગોલ્ડમેડલ જીતનાર કંચનમાલા પ્રથમ સ્વિમર બની છે.
- કંચનમાલા એ ૨૦૦ મીટર મિડલે ઇવેન્ટની એસ–૧૧ કેટેગરીમાં ગોલ્ડ જીત્યો હતો.
- આ ચેમ્પિયનશીપ મેક્સીકોમાં યોજાઇ હતી.
- ટૂર્નામેન્ટમાં ક્વોલીફાય કરનાર કંચનમાલા એકમાત્ર મહિલા સ્વિમર હતી.

પ્રશ્નો :

૧ બંધારણ સભાની પ્રથમ બેઠક ક્યારે મળી હતી ?
- ૯ ડિસેમ્બર ૧૯૪૬

૨ બંધારણ સભાની પ્રથમ બેઠક કયા સ્થળે મળી ?
- નવી દિલ્હીના કોન્સ્ટિટ્યુશન હોલ ખાતે

૩ ભારતનું બંધારણ કઇ સાલમાં અમલમાં આવ્યું ?
- ૧૯૫૦

૪ તાજેતરમાં કયાં ફુટબોલ સ્ટાર ખેલાડીને બ્લોંડ ડી ઓર એવોર્ડથી સન્માનીત કરાયો ?
- ક્રિસ્ટિયાનો રોનાલ્ડો

૫ ફુટબોલ રમતા સાથે સંકળાયેલ સર્વશ્રેષ્ઠ એવોર્ડનું નામ જણાવો ?
- બ્લોન ડી ઓર

૬ ૨૦૧૭ના વર્ષનું પ્રતિષ્ઠત વ્યાસ સન્માન કોને અપાશે ?
- મમતા કાલિયા

૭ મમતા કાલિયા ને કઇ નવલકથા માટે વ્યાસ સન્માન આપવામાં આવશે ?
- દુક્ખમ– સુક્ખમ

## 10.December 2017

**(૧) ગુજરાતમાં પ્રથમ તબક્કાનું મતદાન :**

- ૯ ડિસેમ્બરના રોજ ગુજરાતમાં પ્રથમ તબક્કાનું મતદાન પૂર્ણ કર્યુ.
- સૌરાષ્ટ્ર કચ્છ અને દક્ષિણ ગુજરાતની ૮૯ બેઠકો માટે મતદાન યોજાયું હતું.
- હવે મધ્યગુજરાત અને ઉત્તર ગુજરાતના ૧૪ જિલ્લામાં બીજા તબક્કાનું મતદાન ૧૪ ડિસેમ્બરના રોજ થશે.
- ૧૮ ડિસેમ્બરના રોજ પરિણામ જાહેર થશે.

**(૨) યુએઇમાં ગાંધીજીની પ્રતિમા મુકાશે :**

- યુએઇ પ્રથમ વખત અબુધાબીમાં મહાત્મા ગાંધીજીની એક મુર્તિ સ્થાપિત કરશે.
- આગામી વર્ષ ૨૬ થી ૩૦ જાન્યુઆરીની વચ્ચે આ પ્રતિમા ઇન્ડિયન સોશિયલ સેન્ટરમાં લગાવાશે.

પ્રશ્નો :

૧ ગુજરાતમાં પ્રથમ તબક્કાનું મતદાન કેટલી બેઠકો માટે યોજાયું હતું ?
- ૮૯

૨ અબુધાબી (યુએઇ) ખાતે કયાં ભારતીયની મૂર્તિ સ્થાપીત કરાશે ?
- મહાત્મા ગાંધી

## 11.December 2017

**(૧) હોકી વર્લ્ડ લીગ :**

- ભારતીય મેન્સ હોકી ટીમે હોકી વર્લ્ડ લીગમાં શાનદાર દેખાવ કરતાં બ્રોન્જ મેડલ જીત્યો.
- આમ. ભારતે સતત બીજા વર્ષે હોકી વર્લ્ડ લીગમાં બ્રોન્જ મેડલ જીત્યો.
- ટૂર્નામેન્ટનું આયોજન ભારતમાં શરૂ હતું.
- ભારતે જર્મનીને હરાવી બ્રોન્જ મેળવ્યો હતો.
- આ મેચમાં ભારત તરફથી એસ.વી. સુનિલ અને હરમનપ્રીત સિંઘે એક– એક ગોલ ફટકાર્યા હતા.
- આ ચેમ્પિયનશીપમાં ઓસ્ટ્રેલિયાએ ગોલ્ડમેડલ જીત્યો હતો.
- તથા આર્જેન્ટિનાએ સિલ્વર મેડલ જીત્યો હતો.

**(૨) પ્રદિપસિંહ ખરોલા :**

- સિનિયર આઇએએસ અધિકારી પ્રદીપસિંહ ખરોલાએ એર ઇન્ડિયાના ચેરમેન અને એમડી તરીકે હોદ્દો સંભાળ્યો.
- તેમણે રાજીવ બંસલનું સ્થાન લીધું.
- ખરોલા ૧૯૮૫ બેચના કર્ણાટક કેડરના આઇએએસ અધિકારી છે.

પ્રશ્નો :

૧ હોકી વર્લ્ડ લીગ ટુર્નામેન્ટનું આયોજન કયાં થયું હતું ?
- ભારતમાં

૨ હોકી વર્લ્ડ લીગ ટુર્નામેન્ટમાં કયા દેશે ગોલ્ડમેડલ જીત્યો ?
- ઓસ્ટ્રેલિયા

૩ એર ઇન્ડિયાના નવા ચેરમેન નું નામ જણાવો ?
- પ્રદિપસિંહ ખરોલા

૪ એર ઇન્ડિયાના પુર્વ ચેરમેન નું નામ જણાવો ?
- રાજીવ બંસલ

૫ હોકી વર્લ્ડ લીગમાં ભારતે કયાં દેશને પરાજીત કર્યો ?
- જર્મન

## 12.December 2017

**(૧) ડૉ. લાલ જી. સિંહ :**

- વિજ્ઞાની ડૉ.લાલ જી.સિંહ નું અવસાન.
- તેમનો જન્મ ૯ જુલાઇ ૧૯૪૭ના રોજ જોનપુરમાં થયો હતો.

Vivekanand Academy Gandhinagar

- ભારતમાં તેમણે ડીએનએ ફિંગરપ્રિન્ટ ટેકનોલોજીને ૧૯૮૮માં શોધી હતી.
- વર્ષ ૧૯૯૧માં જ્યારે તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધીનું બોમ્બ ધડાકામાં અવસાન થયું. ત્યારે શબની ઓળખ કરવી મુશ્કેલ હતી.
- એ સમયે ડૉ.સિંહ ડીએનએ ફિંગરપ્રિન્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી. અને પ્રિયંકા ગાંધીના નખના સેંપલ લેવાયા હતા.
- ભારતમાં ડૉ.લાલજી સિંહને ડીએનએ ફિંગરપ્રિન્ટ ટેકનોલોજીના જનક કહેવાય છે.
- વર્ષ ૨૦૦૪માં ભારત સરકારે તેમને પદ્મશ્રી પુરસ્કારથી સન્માનીત કર્યા હતા.

**(૨) ભારત વન–ડે વર્લ્ડકપની યજમાની કરશે :**

- ભારતીય ક્રિકેટ બોર્ડ તેની એન્યુઅલ મીટીંગ બાદ મહત્વના સમાચાર આપ્યા.
- વર્ષ ૨૦૨૩નો વન–ડે વર્લ્ડકપ ભારતમાં યોજાશે.
- આ પહેલા પણ ભારત ત્રણ સફળ વર્લ્ડકપનું આયોજન કરી ચૂક્યું છે. ૧૯૮૭, ૧૯૯૬, ૨૦૧૧
- ભારતે યજમાની કરેલ અગાઉના ત્રણ વર્લ્ડકપમાં ભારતની સાથે શ્રીલંકા પાકિસ્તાન અને બાંગ્લાદેશ પણ સંયુક્ત રીતે યજમાન હતું.
- જ્યારે ૨૦૨૩ વન–ડે વર્લ્ડકપની તમામ મેચ ભારતમાં યોજાશે
- આ ઉપરાંત વર્ષ ૨૦૧૬માં ભારત ટી–૨૦ વર્લ્ડકપનું પણ યજમાન રહ્યું હતું.
- વર્ષ ૨૦૨૧માં યોજાનાર ચેમ્પિયનશીપ ટ્રોફી પણ ભારતમાં યોજાશે.
- બીસીસીઆઇની અન્ય મહત્વની જાહેરાત
  - અફઘાનિસ્તાન પોતાની પ્રથમ ટેસ્ટમેચ ભારત સામે ૨૦૧૯–૨૦૨૦માં રમશે.
  - રાજસ્થાન ક્રિકેટ એસોસીએશન પર લાગવેલ પ્રતિબંધ સાડાત્રણ વર્ષ બાદ હટાવાયો.
  - ભારત ૨૦૧૯ થી ૨૦૨૩ દરમિયાન કુલ ૮૧ મેચની યજમાની કરશે.
  - બીસીસીઆઇ નેશનલ એન્ટિ ડોપીંગ એજન્સી (નાડા) ના કાર્યક્ષેત્રમાં આવશે નહીં.

પ્રશ્નો :

૧ ભારતમાં ડીએનએ ફિંગરપ્રિન્ટ ટેકનોલોજી ની શોધ કોણે કરી હતી ?
- ડૉ. લાલ જી. સિંહ

૨ ડૉ. લાલ જી. સિંહ નો જન્મ ક્યાં થયો હતો ?
- જોનપુર

૩ ભારતમાં ડીએનએ ફિંગરપ્રિન્ટ ટેકનોલોજીના જનક કોને કહેવામાં આવે છે ?
- ડૉ. લાલજી સિંહ

૪ ડૉ. લાલજીસિંહને કઇ સાલમાં પદ્મશ્રી પુરસ્કાર એનાયત થયો હતો. ?
- ૨૦૦૪માં

૫ ૨૦૨૩ ક્રિકેટ વર્લ્ડકપનું આયોજન ક્યાં દેશમાં થશે ?
- ભારત

૬ અફઘાનિસ્તાન પોતાની પ્રથમ ટેસ્ટ મેચ કઇ ટીમ સાથે રમશે ?
- ભારત

૭ ૨૦૧૯ થી ૨૦૨૩ દરમિયાન કુલ કેટલી મેચ નું આયોજન ભારત હશે ?
- ૮૧

## 13.December 2017

**(૧) શહિદ નાગાર્જુન સિસોદિયા :**

- પોરબંદર જિલ્લાના મોઢવાડાના શહિદ નાગાર્જુન સિસોદિયાની આજે ૪૬મી પૂણ્યતિથિ છે.
- તેઓ ૧૯૭૧ના પાકિસ્તાન સામેના યુદ્ધના કાશ્મિરના છામ્બ મોરચે લડતા ૧૩ ડિસેમ્બરના રોજ શહીદ થયા હતા.
- તેમણે પુના ખાતે આવેલી સૈનિક સ્કૂલ નેશનલ ડિફેન્સ્ એકેડમી, પુનામાં અભ્યાસ કરી માત્ર ૨૧ વર્ષની વયે ભારતીય સૈન્યમાં ઓફીસર તરીકે નિયુક્ત થયા હતા.

**(૨) ભારતના વિકાસદરમાં વધારો થશે : યુ.એન.**

- તાજેતરમાં યુનાઇટેડ નેશને વર્લ્ડ ઇકોનોમિક સિચ્યુએશન પ્રોસ્પેક્ટસ નામનો અહેવાલ જારી કર્યો હતો.
- આ અહેવાલ મુજબ ભારતનો જીડીપી વર્ષ ૨૦૧૭ના ૬.૭ ટકાથી

## 14.December 2017

**(૧) રોહિત શર્મા : ક્રિકેટર :**

- હિટમેન તરીકે ઓળખાતા ભારતીય સ્ટાર ક્રિકેટર રોહિત શર્માએ ઈન્ટરનેશનલ વન–ડે ક્રિકેટમાં ત્રીજી વખત બેવડી સદી ફટકારી.
- આ સિદ્ધી તેણે મોહાલી સ્ટેડીયમ ખાતે શ્રીલંકા સામેની બીજી વનડે મેચમાં નોંધાવી.
- માત્ર ૧૫૩ બોલમાં રોહિત શર્માએ અણનમ ૨૦૮ રન ફટકાર્યા
- આ પહેલા તેણે વર્ષ ૨૦૧૪માં શ્રીલંકા વિરૂદ્ધ ઇડનગાર્ડન સ્ટેડિયમ, કોલકત્તામાં ૨૬૪ રન તથા વર્ષ ૨૦૧૩માં ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ચિન્નાસ્વામી સ્ટેડીયમ, બેંગ્લુરૂ ખાતે ૨૦૯ રન ફટકાર્યા હતા.
- આ સાથે વન–ડે ઇન્ટરનેશનલમાં ત્રણ બેવડી સદી ફટકારનાર રોહીત વિશ્વનો પ્રથમ ખેલાડી બની ગયો છે.
- વન–ડે ક્રિકેટના ઇતિહાસમાં સૌપ્રથમ બેવડી સદી લાગી છે. જેમાં ૫ બેવડી સદી ભારતીય ક્રિકેટરો દ્વારા નોંધાઇ છે.
- વન–ડે ક્રિકેટના ઇતિહાસમાં સૌપ્રથમ બેવડી સદી સચીન તેડુંલકરે વર્ષ ૨૦૧૦માં સાઉથ આફ્રિકા વિરૂદ્ધ નોંધાવી હતી.
- કેપ્ટન તરીકે રોહિતની આ બીજી સૌથી મોટી ઇનિંગ હતી.અ આ પહેલા વર્ષ ૨૦૧૧માં વિરેન્દ્ર સહેવાગે વેસ્ટઇન્ડિઝ વિરૂદ્ધ કેપ્ટન તરીકે ૨૧૯ રન નોંધાવ્યા હતા.
- આ મેચમાં ભારતે ૩૯૨ રન બનાવ્યા હતાં. આ સાથે ભારતે ૧૦૦ મી વખત ૩૦૦ થી વધુનો સ્કોર કર્યો હતો.
- ઇન્ટરનેશનલ વન–ડે ક્રિકેટમાં કુલ ૭ બેવડી સદીમાં રોહીતની ૩ તથા અન્ય ૨૩૯૮ ક્રિકેટરો મળીને કુલ ૪ બેવડી સદી થઇ છે.

| ક્રમ | ક્રિકેટર | સ્કોર | દેશ | વિરૂદ્ધ | વર્ષ |
|---|---|---|---|---|---|
| ૧ | સચીન તેડુંલકર | ૨૦૦ | ભારત | સા.આફ્રિકા | ૨૦૧૦ |
| ૨ | વિરેન્દ્ર સેહવાગ | ૨૧૯ | ભારત | વે.ઇન્ડિઝ | ૨૦૧૧ |
| ૩ | રોહિત શર્મા | ૨૦૯ | ભારત | ઓસ્ટ્રેલિયા | ૨૦૧૩ |
| ૪ | રોહિત શર્મા | ૨૬૪ | ભારત | શ્રીલંકા | ૨૦૧૪ |
| ૫ | ક્રિસ ગેઇલ | ૨૧૫ | વે.ઇન્ડિઝ | ઝિમ્બામ્બ્વે | ૨૦૧૫ |
| ૬ | માર્ટીન ગપ્ટીલ | ૨૩૭ | ન્યૂઝીલેન્ડ | વેસ્ટઇન્ડિઝ | ૨૦૧૫ |

૭ રોહિત શર્મા ૨૦૮ ભારત શ્રીલંકા ૨૦૧૭

**(૨) ભારતીય મેન્સ હોકી ટીમ ૨૦૧૭ના વર્ષમાં છઠ્ઠા ક્રમે રહ્યું.**

– હાલમાં જ ભુવનેશ્વર ખાતે સમાપ્ત થયેલ હોકી વર્લ્ડ લીગ ફાઇનલ્સમાં ભારતીય મેન્સ હોકી ટીમ ત્રીજા સ્થાને રહી હતી.

– આ લીગ બાદ વર્લ્ડ હોકી ફેડરેશન દ્વારા વર્ષના અંતે રેન્કિંગ જાહેર કર્યું.

– આ રેન્કિંગ મુજબ ભારતીય મેન્સ હોકી ટીમ છઠ્ઠા ક્રમે રહી હતી.

– આ વર્ષની શરૂઆત પણ ભારતીય મેન્સ હોકી ટીમે છઠ્ઠા સ્થાનથી કરી હતી જે રેન્કિંગ તેણે જાળવી રાખ્યું.

– પ્રથમ ક્રમ પર ઓસ્ટ્રેલિયાની ટીમ રહી હતી.

– જ્યારે ભારતીય મહિલા હોકી ટીમે વર્ષની શરૂઆત ૧૨માં રેન્કથી કરી હતી જે વર્ષના અંતે ૧૦ સ્થાને રહી હતી.

**(૩) એશિયન ડેવલપમેન્ટ બેંક દ્વારા ભારતના જીડીપીનો અંદાજ :**

– એશિયન ડેવલપમેન્ટ બેંક વર્ષ ૨૦૧૭–૧૮ માટે ભારતનો જીડીપી ૬.૭ ટકા અંદાજ્યો છે.

– આ અગાઉ .. ચાલુ વર્ષનો જીડીપી ૭ ટકા રહેવાનો અંદાજ આપ્યો હતો. જે નોટબંધી તથા જીએસટીના લીધે ઘટાડી ૬.૭ ટકા કર્યો.

– તથા વર્ષ ૨૦૧૮–૧૯નો જીડીપી ૭.૩ ટકા અંદાજ્યો છે.

પ્રશ્ન :

૧ એશિયન ડેવલપમેન્ટ બેંક મુજબ વર્ષ ૨૦૧૭–૧૮માં ભારતનો જીડીપી કેટલો રહેશે ?

– ૬.૭ ટકા

૨ એડીબીના અંદાજ મુજબ વર્ષ ૨૦૧૮–૧૯માં ભારતનો જીડીપી ?

– ૭.૩ ટકા

## 15.December 2017

**(૧) નરેન્દ્ર બત્રા :**

– આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશનના વડા નરેન્દ્ર બત્રા ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ તરીકે ચૂંટાઇ આવ્યા.

– જ્યારે સેક્રેટરી તરીકે રાજીવ મહેતાની નિયુક્તિ કરાઈ છે.

– નરેન્દ્ર બત્રાને ૧૪૨ વોટ મળ્યા હતા જ્યારે તેમના હરિફ અનિલ ખન્નાને ૧૩ વોટ મળ્યા હતા.

**(૨) ગુજરાતમાં બીજા તબક્કાનું મતદાન પૂર્ણ :**

– ૧૪ ડિસેમ્બરના રોજ ગુજરાતમાં બીજુ અને અંતિમ તબક્કાનું મતદાન પૂર્ણ થયું.

– બીજા તબક્કામાં એકંદરે ૬૮.૭૦% મતદાન થયું.

– પ્રથમ તબક્કામાં ૬૬.૭૫% થયું હતું આમ સરેરાશ મતદાન ૬૭.૭૨% થયું છે.

– ગત વિધાનસભાની ચૂંટણીમાં ૭૧.૩૨% મતદાન થયું હતું જે અત્યાર સુધીનું સૌથી વધારે છે.

– તથા ૧૯૮૦ના વર્ષમાં માત્ર ૪૮.૩૭% જ મતદાન થયું હતું.

**(૩) નીરજ વોરા : અભિનેતા :**

– બોલિવુડના પ્રતિભાશાળી લેખક, નિર્દેશક અને અભિનેતા નિરજ વોરાનું અવસાન.

– હેરાફેરી, ફીર હેરાફેરી, રંગીલા, જોશ, બાદશાહ, અજનબી જેવી ફિલ્મોના લેખક તરીકે તેમને ઓળખવામાં આવે છે.

૧ ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ તરીકે કોણ ચુંટાઇ આવ્યું ?

– નરેન્દ્ર બત્રા

૨ ભારતીય ઓલિમ્પિક સંઘનાં સેક્રેટરી તરીકે કોણ નિયુક્ત થયું ?

– રાજીવ મહેતા

૩ ગુજરાત વિધાનસભા ચુંટણીમાં અત્યાર સુધીનું સૌથી વધુ મતદાન કેટલું થયું હતું ?

– ૭૧.૩૨%

૪ ૨૦૧૭માં યોજાયેલ વિધાનસભા ચુંટણી માં સરેરાશ મતદાન કેટલું થયું ?

– ૬૭.૭૨%

## 16.December 2017

**(૧) ડેબિટ કાર્ડથી ખરીદી પર રૂ. ૨૦૦૦ સુધી કોઇ ચાર્જ નહી :**

– તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટમાં મહત્વનો નિર્ણય લેવાયો.

– હવે ડેબિટકાર્ડથી રૂ. ૨૦૦૦ સુધીની ખરીદી પર એમડીઆર ચૂકવવો નહી પડે.

– કેન્દ્રસરકારે બે વર્ષ સુધી એમડીઆર ચાર્જ પોતે જ સહન કરવાનો નિર્ણય લીધો છે.

– ડિજિટલ ટ્રાન્જેક્શનને પ્રોત્સાહન આપતો આ નિર્ણય આગામી જાન્યુઆરીથી અમલમાં આવશે.

– ડેબિટ કાર્ડ, ભીમયુપીઆઇ, આધાર આધારિત પેમેન્ટ સિસ્ટમ દ્વારા થતી ચુકવણી પર આ લાભ મળશે.

**શું છે MDR :**

– મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ

– બેંક કાર્ડ પેમેન્ટ તેને એમડીઆર તરીકે ઓળખવામાં આવે છે.

– મોટાભાગના વેપારીઓ આ ચાર્જની રકમ ગ્રાહકો પાસેથી વસૂલ કરી લેતા હોય છે.

– હવે આ નિર્ણય ગ્રાહકોને ફાયદો થશે.

**(૨) બ્રહ્માંડમાં આઠ ગ્રહોની બીજી 'સૂર્યમાળા'ની શોધ :**

– અમેરિકન અવકાશ એજન્સી નાસાએ આપણા સૌરમંડળ જેવું જ એક નવું સૌરમંડળ શોધી કાઢ્યું.

– આ સૌરમંડળની શોધ નાસાના કેપ્લર ટેલિસ્કોપની મદદથી કરાઇ છે. તેથી તેનું નામ કેપ્લર–૯૦ આપવામાં આવ્યું છે.

– કેપ્લર–૯૦માં જ ૮ ગ્રહો અને એક સૂર્ય છે.

– કેપ્લર – ૯૦ પૃથ્વીથી ૨૫૪૫ પ્રકાશવર્ષ દૂર છે.

– તેનો આકાર પૃથ્વીથી ૩૦ લાખ ગણો વધુ છે. તથા પૃથ્વીનું ૧ વર્ષ ત્યાં બે સપ્તાહ સમાન છે.

**(૨) વિન્ટર ઓલિમ્પિક – ૨૦૨૨**

– વિન્ટર ઓલિમ્પિક– ૨૦૨૨ બીજિંગ ખાતે યોજાશે.

– તાજેતરમાં તેનો લોગો જાહેર કરવામાં આવ્યો.

– બીજિંગમાં ૨૦૦૮માં સમર ઓલિમ્પિકનું આયોજન થયું હતું.

– આમ બીજિંગ એવું પ્રથમ શહેર બનશે જેને વિન્ટર અને સમર ઓલિમ્પિકની યજમાની મળી હોય.

**(૩) રવિન્દ્ર જાડેજા : ક્રિકેટર :**

Vivekanand Academy Gandhinagar

– તાજેતરમાં ભારતીય ક્રિકેટર રવિન્દ્ર જાડેજાએ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનની ડિસ્ટ્રીક્ટ ટી–૨૦માં ૬ બોલમાં ૬ સિક્સ ફટકારી
– જામનગર તરફથી રમતા જાડેજાએ અમરેલી વિરૂદ્ધ ૬૯ બોલમાં ૧૫૪ રન ફટકાર્યા હતા.
– જાડેજાએઅ આ સિદ્ધી નીલમ વામજાની ઓવરમાં નોંધાવી હતી.

પ્રશ્નો :

(૧) MDRનું પુરૂનામ જણાવો ?
– મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ
૨ બ્રહ્માંડમાં શોધાયેલ બીજી સુર્યમાળાની શોધ કઇ સંસ્થા દ્વારા કરવામાં આવી ?
– નાસા
૩ નવા સૌરમંડળની શોધ ક્યાં ટેલિસ્કોપ દ્વારા કરવામાં આવી ?
– કેપ્લર ટેલિસ્કોપ
૪ કેપ્લર – ૯૦ પૃથ્વીથી કેટલુ દુર છે ?
– ૨૫૪૫ પ્રકાશવર્ષ
૫ વિન્ટર ઓલિમ્પીક ૨૦૨૨ નું આયોજન ક્યાં થશે ?
– બીજિંગ ખાતે
૬ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનની ડિસ્ટ્રીક્ટ ટી–૨૦માં રવિન્દ્ર જાડેજા કઇ ટીમ તરફથી રમતા હતા ?
– જામનગર

## 17.December 2017

**(૧) રાહુલગાંધી :**
– કોંગ્રેસના નેતા રાહુલગાંધીની કોંગ્રેસના ૮૭માં પ્રમુખપદે તાજપોશી થઇ.
– ૧૩૨ વર્ષ જૂની કોંગ્રેસના પ્રથમ અધ્યક્ષ વ્યોમેશચંદ્ર બેનરજી હતા.
– વર્ષ ૧૮૮૫માં મુંબઇ ખાતેના અધિવેશનમાં કોંગ્રેસના પ્રમુખ તરીકે તેમની વરણી થઇ હતી.
– છેલ્લે ૮૬માં અધ્યક્ષ તરીકે સોનિયાગાંધીએ આ પદ સંભાળ્યું હતું.

**(૨) ઇન્ડોનેશિયામાં ભૂકંપ :**
– ઇન્ડોનેશિયાના મુખ્ય ટાપુ જાવા પર ૬.૫ તિવ્રતાનો ભૂકંપ આવ્યો.
– જાવા ટાપુના સિયાતુજહ શહેરમાં જમીનથી ૯૧ કિમી નીચે ભૂકંપનું કેન્દ્ર હતું.
– આ ભૂકંપ કેન્દ્રની આજુબાજુના ૩૦૦ કિ.મી. સુધી આચંકા અનુભવાયા હતા.

**(3) મોબાઇલ ઇન્ટરનેટ સ્પીડ :**
– અમેરિકા સ્થિત વૈશ્વિક ઇન્ટરનેટ એનાલિસ્ટ સંસ્થા ઓકલાએ સ્પીડટેસ્ટ રીપોર્ટ જાહેર કર્યો.
– આ રિપોર્ટ મુજબ મોબાઇલ ઇન્ટરનેટમાં ભારતનો ક્રમ વિશ્વના ૧૨૨ દેશોમાં ૧૦૯મો ક્રમ છે.
– આ સ્પીડની ગણતરી ડાઉનલોડિંગની ઝડપના આધારે થાય છે.
– ૨૦૧૭ની શરૂઆતમાં ભારતમાં મોબાઇલ ઇન્ટરનેટની સ્પીડ ૭.૬૫ એમબીપીએસ (મેગાબાઇટ પર સેકન્ડ) હતી જે નવેમ્બર ૨૦૧૭માં વધીને ૮.૮૦ એમબીપીએસ થઇ હતી.
– આ યાદીમાં ૬૨.૬૬ એમબીપીએસની સ્પીડ સાથે નોર્વે પ્રથમ ક્રમે છે.
– સૌથી ઓછી સ્પીડ ઇરાકમાં નોંધાઇ હતી.
– બ્રોડબ્રેન્ડ નેટની સ્પીડમાં ભારત ૧૩૩ની યાદીમાં ૭૬માં ક્રમે છે.
– બ્રોડબેન્ડ ઇન્ટરનેટ સ્પીડમાં ૧૫૩.૮૫ની સ્પીડ સાથે સિંગાપોર પ્રથમ ક્રમે છે.

**(૪) દેશનું પ્રથમ હોર્સ મ્યુઝિયમ :**
– મહારાષ્ટ્રના નંદુરબાદર જિલ્લામાં દેશનું હોર્સ મ્યુઝિયમ બનાવાઈ રહ્યું છે.
– બે તબક્કામાં બનાવેલા આ મ્યુઝિયમ પર રૂા. ૧૫૦ કરોડ ખર્ચાશે.
– અહીં દુનિયાભરના ઘોડા તથા ખાસ કરીને દેશી પ્રજાતિના ઘોડાના એક હજાર વર્ષના ઇતિહાસની મહત્વપુર્ણ જાણકારીઓ મળશે.
– આ મ્યુઝિયમ સાડા છ એકરમાં નિર્માણ પામશે.
– મ્યુઝિયમમાં છત્રપતિ શિવાજી મહારાજની કૃષ્ણા ઘોડીથી લઇને મહારાણા પ્રતાપના ચેતક ઘોડાનો ઇતિહાસ લોકોને જાણવા મળશે.

પ્રશ્નો :

૧ કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખનું નામ જણાવો ?
– રાહુલ ગાંધી
૨ કોંગ્રેસના પ્રથમ પ્રમુખનું નામ જણાવો ?
– વ્યોમેશચંદ્ર બેનરજી
૩ કોંગ્રેસના ૮૬માં પ્રમુખ કોણ હતા ?
– સોનિયા ગાંધી
૪ તાજેતરમાં જાહેર કરવામાં આવેલ સ્પીડટેસ્ટ રિપોર્ટમાં ભારતનું સ્થાન જણાવો.
– ૧૦૯
૫ સ્પીડ ટેસ્ટ રિપોર્ટમાં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
– નોર્વે
૬ દેશનું પ્રથમ ફોર્સ મ્યુઝિયમ ક્યાં બનાવાઇ છે ?
– મહારાષ્ટ્રના નંદુરબાદર જીલ્લામાં
૭ મહારાણા પ્રતાપના ઘોડાનું નામ શું હતું ?
– ચેતક
૮ છત્રપતિ શિવાજીના ઘોડાનું નામ શું હતું ?
– કૃષ્ણા

## 18.December 2017

**(૧) દુબઇ વર્લ્ડ સુપર સિરીઝ– બેડમિન્ટન :**
– દુબઇ વર્લ્ડ સુપર સિરીઝમાં ભારતીય સ્ટાર પી.વી. સિંધુએ સિલ્વર મેડલ જીત્યો.
– ફાઇનલમાં સિંધુનો જાપાનની અકાને યામાગુચી સામે પરાજય થયો હતો.

**(૨) પાકિસ્તાનમાં ક્વેટામાં આતંકી હુમલો :**
– પાકિસ્તાનના ક્વોટામાં એક ચર્ચા પર આતંકી હુમલો થયો.
– ચાર આત્મઘાતી હુમલાખોર દ્વારા થયેલ આ હુમલામાં ૯ લોકોના મોત થયા હતા તથા ૪૪ થી વધુને ઇજા પહોંચી હતી.

**(3) સ્મિતા પાટિલ મેમોરીયલ એવોર્ડ :**
– બોલીવુડની દમદાર અભિનેત્રી રેખાને સ્મિતા પાટિલ મેમોરિયલ એવોર્ડથી સન્માનીત કરાયા.
– જાણીતા સંગીતકાર આનંદજી તથા સ્મિતા પાટીલના પુત્ર પ્રતિક બબ્બરના હસ્તે આ એવોર્ડ એનાયત કરાયો હતો.

પ્રશ્નો :

Vivekanand Academy Gandhinagar

૧ દુબઇ વર્લ્ડ સુપર સિરિજ કઇ રમત સાથે સંકળાયેલ ટુર્નામેન્ટ છે ?
– બેડમિન્ટન
૨ દુબઇ વર્લ્ડ સુપર સિરિઝમાં કયા ભારતીય ખેલાડી એ સિલ્વર મેડમ જીત્યું ?
– પી. વી. સિંધુ
૩ તાજેતરમાં સ્મિતા પાટીલ મેમોરીયલ એવોર્ડ કોને મળ્યો ?
– રેખા (અભિનેત્રી)

## 19.December 2017

**(૧) ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી પરિણામ :**

– ૧૮ ડિસેમ્બરના રોજ ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી તથા હિમાચલ પ્રદેશ વિધાનસભા સામાન્ય ચૂંટણીના પરિણામ જાહેર થયા.

**ગુજરાત :**

– ગુજરાત વિધાનસભા કુલ સીટ– ૧૮૨

– જેમાં ભાજપને ૯૯, કોંગ્રેસને ૮૦ તથા ૫ સીટ અન્યના ફાળે ગઇ.

– ગાંધીધામ બેઠકથી માલતી મહેશ્વરી સૌથી ઓછી વયના ઉમેદવાર તરીકે ચૂંટાઇ આવ્યા.

– તથા ઠક્કર બાપાનગરના વલ્લભ કાકડીયા સૌથી મોટી ઉંમરના ઉમેદવાર તરીકે ચૂંટાઇ આવ્યા.

**હિમાચલ પ્રદેશ :**

– હિમાચલ પ્રદેશ કુલ સીટ– ૬૮

–જેમાં ભાજપને ૪૪ તથા ૨૧ સીટ કોંગ્રેસના ફાળે ગઇ, જ્યારે ૩ સીટ અન્યના ફાળે ગઇ છે.

– રાજ્યમાં સરકાર રચવા ૩૫ બેઠક જીતવી જરૂરી હતી. માટે હવે હિમાચલ પ્રદેશમાં ભાજપની સરકાર બનશે.

– આમ હાલમાં દેશના ૨૯માંથી ૧૯ રાજ્યોમાં ભાજપના હાથમાં સત્તાનું સુકાન આવી ગયું છે.

**(૨) રિકાર્ડો કાકા : ફૂટબોલર :**

– બ્રાઝિલના વર્લ્ડકપ વિજેતા મહાન ફૂટબોલર રિકોર્ડો કાકાએ નિવૃત્તી જાહેર કરી.
– લિયોનલ મેસ્સી અને રોનાલ્ડો પહેલા છેલ્લે બેલોન ડી'આર એવોર્ડ જીતનાર ફુટબોલર કાકા હતો.
– વર્ષ ૨૦૦૭માં કાકાના શાનદાર પ્રદર્શન બદલ તેને પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો હતો.
– કાકાએ, બ્રાઝિલ તરફથી ૯૨ મેચમાં ૨૯ ગોલ ફટકાર્યા હતા.
– તેઓ ૨૦૦૨માં વર્લ્ડકપ વિજેતા ટીમમાં સામેલ હતાં.

**(૨) ભારત જીડીપી અંદાજ : યુ.એન.**

– યુએન દ્વારા ભારતનો જીડીપી અંદાજવામાં આવ્યો.
– વર્ષ ૨૦૧૮ માટે ભારતનો જીડીપી ૭.૨ ટકા તથા વર્ષ ૨૦૧૯ માટે ભારતનો જીડીપી ૭.૪ ટકા રહેશે.
– તથા યુએન મુજબ ભારત પોતાના લોકોનું જીવનધોરણ સુધારી, રોકાણને પ્રોત્સાહન આપવાની સાથે આર્થિક સુધારાઓ અમલી બનાવીને આગામી ૨૦ વર્ષ સુધી ૮ ટકાનો જીડીપી હાંસલ કરી શકે છે.

પ્રશ્નો :

૧ ગુજરાત વિધાનસભા ની કેટલી બેઠકો માટે ચુંટણી નું આયોજન થયું હતું ?
– ૧૮૨
૨ તાજેતરમાં યોજાયેલ વિધાનસભા ચુંટણીમાં ભાજપે ગુજરાતની કેટલી બેઠકો જીતી ?
– ૯૯
૩ ગાંધીધામ બેઠક પરથી કોનો વિજય થયો ?
– માલતી મહેશ્વરી
૪ હિમાચલ પ્રદેશમાં કુલ કેટલી બેઠકો માટે ચુંટણીનું આયોજન થયું ?
– ૬૮
૫ રિકોર્ડો કાકા કઈ રમત સાથે સંકળાયેલ ખેલાડી છે ?
– ફુટબોલ

## 20.December 2017

**(૧) MI-8 હેલિકોપ્ટર :**

– ભારતીય વાયુસેનાએ રશિયન બનાવટના .. હેલિકોપ્ટરને નિવૃત્ત કરી દિધા.
– ૪૫ વર્ષ સુધી વપરાશ કર્યા પછી બેંગ્લુરુ પાસે આવેલા ચાલહાન્કા વાયુસેના મથકે હેલિકોપ્ટરનો વિદાય સમારોહ યોજાયો હતો.
– આ હેલિકોપ્ટર નું MI-8 નામ રશિયન છે જેનું ભારતીય નામ પ્રતાપ રાખવામાં આવ્યું હતું.
– ભારતે ૧૯૭૧ના યુદ્ધ પછી લશ્કરી સરંજામ અને સૈનિકોની હેરફેર કરવા માટે આ હેલિકોપ્ટર્સ વસાવવા શરૂ કર્યા હતા.
– ૧૯૭૧ થી લઇ ૧૯૮૮ સુધીમાં ભારતે કુલ ૧૦૭ હેલિકોપ્ટરને સેનામાં સામેલ કર્યા હતા.
– સિયાચીનમાં ઓપરેશન મેઘદૂત, શ્રીલંકામાં લશ્કરી કાર્યવાહી ઉપરાંત કુદરતી આફતો વખતે બચાવ કામગીરીમાં આ હેલિકોપ્ટર ભારતને ખુબ કામ લાગ્યા છે.
– આ હેલિકોપ્ટર સાત હજાર કિલોગ્રામ સુધીનું વજન ઉંચકી શકતા હતા.

**(૨) ટેસ્ટ ક્રિકેટ રેન્કિંગ :**

– ઇંગ્લેન્ડ ઓસ્ટ્રેલિયા વચ્ચેની એસીઝ શ્રેણી પૂર્ણ થયા બાદ ડિસેમ્બર – ૨૦૧૭માં ટેસ્ટ રેન્કિંગમાં જાહેર થયા.
– ઑસ્ટ્રેલિયન સુકાની સ્ટિવ સ્મિથ બેટ્સમેનની યાદીમાં ૯૪૫ પોઇન્ટ સાથે પ્રથમ ક્રમે તથા વિરાટ કોહલી ૮૯૩ પોઇન્ટ સાથે બીજા ક્રમ પર છે.
– ભારતના ચેતેશ્વર પુજારાને ત્રીજું સ્થાન મળ્યું છે.
– ટેસ્ટ બોલર્સમાં ભારતના જાડેજા અને અશ્વિનને અનુક્રમે ત્રીજુ અને ચોથું સ્થાન મળ્યું.
– તથા ઓલરાઉન્ડર્સમાં જાડેજા અને અશ્વિનને અનુક્રમે બીજુ અને ચોથા સ્થાન પર છે.

**(૩) વર્લ્ડ યુથ અં.–૧૬ ચેસ ચેમ્પિયનશીપ**

– અમદાવાદમાં કર્ણાવતી ક્લબ ખાતે વર્લ્ડ યુથ અં–૧૬ ચેસ ચેમ્પિયનશીપનું આયોજન થયું હતું.
– આ ચેમ્પિયનશીપમાં ભારતે ત્રણ ટીમ ઉતારી હતી.
– ઇન્ડિયા ગ્રીન, ઇન્ડિયા રેડ અને ઇન્ડિયા બ્લ્યૂ
– આ ચેમ્પિયનશીપમાં રશિય ટીમ ગોલ્ડ મેડલ જીતી હતી.
– તથા ઇન્ડિયા ગ્રીન ટીમ સિલ્વર મેડલ અને ઇરાનને બ્રોન્ઝ મેડલ મળ્યું હતું.

**(૪) અનુભૂતિ કોચ :**

– રેલવે દ્વારા વિમાનો જેવી સુવિધા ધરાવતા 'અનુભૂતિ' કોચ તૈયાર કરી શતાબ્દી જેવી પ્રિમિયમ ટ્રેનોમાં જોડશે.

Vivekanand Academy Gandhinagar

– રેલવેના એસી ક્લાસના ભાડા વિમાન ભાડાની સમકક્ષ થતા પ્રવાસીઓ વિમાન તરફ વળી રહ્યા હતા.
– વિમાન તરફ વળેલા પેસેન્જરોને આકર્ષવા પશ્ચિમ રેલવે દ્વારા
આ નવા કોચ જોડવામાં આવશે.
૧ તાજેતરમાં ભારતીય વાયુસેનાનું કયું હેલિકોપ્ટર નિવૃત્ત થયું ?
– MI-8
૨ MI-8 હેલિકોપ્ટરનો વિદાય સમારોહ કયાં યોજાયો હતો ?
– બેંગલુરૂ પાસેના યાલહાનકા મથકે
૩ MI-8 હેલિકોપ્ટરનું ભારતીય નામ જણાવો ?
– પ્રતાપ
૪ વર્લ્ડ યુથ અં–૧૬ ચેસ ચેમ્પિયનશીપ નું આયોજન કયાં થયું હતું ?
– અમદાવાદના કર્ણાવતી ક્લબ ખાતે
૫ વર્લ્ડ યુથ અં–૧૬ ચેસ ચેમ્પિયનશીપમાં કઈ ટીમ ગોલ્ડ મેડલ જીત્યો ?
– રશિયાની ટીમે
૬ વર્લ્ડ યુથ અં–૧૬માં કઈ ભારતીય ટીમે સિલ્વર મેડલ જીત્યો ?
– ઇન્ડિયા ગ્રીન

## 21.December 2017

**(૧) દેશની પ્રથમ રેલવે યુનિવર્સિટી – વડોદરા :**
– વડોદરામાં દેશની પ્રથમ રેલવે યુનિવર્સિટીની સ્થાપના થશે.
– આ માટે કેબિનેટ દ્વારા મંજુરી આપવામાં આવી છે.
– રેલવે યુનિ. માટે વડોદરા સ્થિત રેલવે એકેડમીની સુવિધા અને જગ્યાનો ઉપયોગ થશે.
– ૩૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરશે.
– રેલવે મંત્રાલય દ્વારા યુનિવર્સિટીને નાણાંકીય અને માળખાકીય સુવિધાઓ પુરી પાડવામાં આવશે.

**(૨) જસ્ટિસ ઉમેશ દત્તાત્રેય સાલ્વી :**
– કેન્દ્રએ જસ્ટિસ ઉમેશ દત્તાત્રેય સાલ્વીની નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (એનજીટી) ના કાર્યવાહક અધ્યક્ષ તરીકે નિમણૂંક કરી છે.
– તેઓ જસ્ટીસ સ્વતંત્રકુમારનું સ્થાન લેશે.
– જસ્ટિસ કુમાર ૫ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ ૧૯ ડિસેમ્બરના રોજ નિવૃત્ત થયા હાતા
– સાલ્વી ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ નિવૃત્ત થશે.

પ્રશ્ન :
૧ દેશની પ્રથમ રેલવે યુનિવર્સિટીની સ્થાપના કયા થશે ?
– વડોદરા (ગુજરાત)
૨ દેશની પ્રથમ રેલવે યુનિવર્સિટીનું શિક્ષણ કાર્ય કયાં વર્ષથી શરૂ થશે ?
– ૨૦૧૮
૩ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ ના કાર્યવાહક અધ્યક્ષ નું નામ જણાવો ?
– ઉમેશ દત્તાત્રેય
૪ જસ્ટિસ ઉમેશ દત્તાત્રેય કોનું સ્થાન લેશે ?
– જસ્ટિસ સ્વતંત્ર કુમારનું

## 22.December 2017

**(૧) મહિલા વન ડે તથા ટી–૨૦ ટીમ ઓફ ય યર :**
– વર્ષના અંતે આઇસીસી એ મહિલા વનડે ટીમ ઓફ ધ યર જાહેર કરી.
– વન–ડે ટીમમાં ઇંગ્લેન્ડની હીથર નાઇટને કેપ્ટનપદ સોંપવામાં આવ્યું.
– આ ટીમમાં ભારતની બે ખેલાડી મિતાલી રાજ અને એકતા બિસ્તને સ્થાન મળ્યું છે.
– જ્યારે ટી–૨૦ ટીમ ઓફ ધ યરમાં વેસ્ટઇન્ડિઝની સ્ટેફની ટેલરને કમાન આપવામાં આવી.
– ટી–૨૦ ટીમ ઓફ ધ યરમાં પણ ભારતની બે મહિલા ક્રિકેટરને સ્થાન મળ્યું છે.
– (૧) હરમનપ્રીત કૌર (૨) એક્તા બિસ્ત
– ઓસ્ટ્રેલિયાની એલિસે પેરીને વુમન્સ ક્રિકેટર ઓફ ધ યર તરીકે જાહેર કરાઇ.

**(૨) વિશ્વની સૌથી લાંબી પાંખ ધરાવતુ વિમાન :**
– તાજેતરમાં લંડન ખાતે વિશ્વના સૌથી મોટા વિમાનનું પરિક્ષણ કરવામાં આવ્યું.
– આ વિમાનને સ્ટ્રેટોલોન્ચ નામ આપવામાં આવ્યું છે.
– આ વિમાનનો ઉપયોગ સેટેલાઇટ અને અવકાશના ડિવાઇસને સ્પેસમાં મુકવા માટે થશે.
– ૨૦૧૯ સુધીમાં આ વિમાન કાર્યરત થઇ જશે.
– આ વિમાન ફુટબોલ મેદાનની લંબાઇ કરતાં પણ મોટું છે.
– ૪ હજાર કિલોના બે ટર્બો એન્જિન, બે કોકપિટ તથા ઇમરજન્સી બેટરી છે.

**(૩) સાહિત્ય અકાદમી પુરસ્કાર :**
– ૨૩ લેખકોને સાહિત્ય અકાદમી પુરસ્કાર મળશે.
– હિન્દીમાં ડૉ. રમેશ કુંતલ મેહા, રાજસ્થાનીના નીરજ દહિયા, સંસ્કૃતના નિરંજન મિશ્ર અને મરાઠીના શ્રીકાંત દેશમુખ સહીત ૨૪ લેખકોને સન્માનીત કરવામાં આવશે.
– આ લેખકોને ૧–૧ લાખ રૂપિયા, પ્રતિમ ચિહ્ન અને પ્રશસ્તિપત્ર મળશે.

પ્રશ્નો :
૧ આઇસીસી મહિલા વન–ડે ટીમ ઓફ ધ યરમાં ભારતની કઇ બે ખેલાડીને સ્થાન મળ્યું ?
– મિતાલી રાજ, એકતા બિસ્ત
૨ આઇસીસી મહિલા ટી–૨૦ ટીમ ઓફ ધ યરમાં ભારતની કઈ બે ખેલાડીને સ્થાનજ મળ્યું ?
– હરમનપ્રીત કૌર, એકતા બિસ્ત
૩ આઇસીસી વુમન્સ ક્રિકેટર ઓફ ધ યર ?
– અલિસ પેરી, આસ્ટ્રેલિયા
૪ તાજેતરમાં કયાં રાષ્ટ્રમાં વિશ્વના સૌથી મોટી પાંખ ધરાવતા વિમાનનું પરિક્ષણ કરવામાં આવ્યું ?
– ઇંગ્લેન્ડ
૫ વર્ષ ૨૦૧૭માં કેટલા લેખકોને સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત થયો ?
– ૨૪
૬ સાહિત્ય અકાદમી પુરસ્કારની ઇનામી રાશી જણાવો ?
– રૂા. ૧ લાખ

## 23.December 2017

**(૧) કિસાન દિવસ :**
– ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણસિંહના જન્મદિવસે કિસાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
– તેમનો જન્મ પંજાબના નુરપુરમાં થયો હતો.

Vivekanand Academy Gandhinagar

- જમીનદારી નાબૂદી ધારાને ઘડવામાં અને તેના અમલમાં ચરણસિંહ ચૌધરીનો ફાળો અમૂલ્ય છે.
- તેમનું ‘શિષ્ટાચાર’ પુસ્તક ખુબ જ પ્રખ્યાત છે.
- ૨૯ મે, ૧૯૮૭ ના રોજ તેમનું અવસાન થયું હતું.

**(૨) વિજય રૂપાણી ફરી સીએમ બન્યા.**

- ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં ૯૯ બેઠક સાથે ભાજપનો વિજય થયો હતો.
- આ વિજય બાદ ૧૪ મી વિધાનસભાના ગૃહના નેતા તરીકે વિજયભાઇ રૂપાણી અને ઉપનેતા તરીકે નીતિનભાઇ પટેલની વરણી થઇ હતી.
- હવે વિજયભાઇ રૂપાણી બીજી વખત સીએમ. બનશે જ્યારે નીતીનભાઇ પટેલ નાયબ મુખ્યમંત્રી હોદ્દો સંભાળશે.

**(3) રોહીત શર્મા : ક્રિકેટર :**

- ભારતના વિસ્ફોટક બેટ્સમેન રોહીત શર્માએ નવો કિર્તીમાન સ્થાપ્યો.
- શ્રીલંકા સામેની ટી–૨૦ મેચમાં માત્ર ૩૫ બોલમાં સદી ફટકારી સાઉથ આફ્રીકાના ડેવીડ મિલરના રેકોર્ડની બરાબરી કરી.
- આ સિદ્ધી તેણે ઇન્દોર સ્ટેડિયમમાં નોંધાવી હતી.
- આ મેચમાં ભારતે ૫ વિકેટે ૨૬૦ રન કરતાં ટી–૨૦માં ઇતિહાસનો સેકન્ડ હાઇએસ્ટ સ્કોર ખડક્યો હતો.

પ્રશ્ન :

૧ ૨૩ ડિસેમ્બરના રોજ કયો દિવસ મનાવાય છે ?
- કિસાન દિવસ

૨ કયાં મહાનુભાવની યાદમાં કિસાન દિવસ મનાવવામાં આવે છે ?
- ચૌધરી ચરણસિંહ (ભૂતપૂર્વ વડાપ્રધાન)

૩ હાલમાં ગુજરાતમાં કેટલામી વિધાનસભાની ચૂંટણી થઇ ?
- ૧૪મી

૪ હાલમાં ગુજરાતના મુખ્યમંત્રી કોણ છે ?
- વિજયભાઇ રૂપાણી

૫ ઇન્ટરનેશનલ ટી–૨૦ ક્રિકેટમાં કયાં ભારતીય ખેલાડીએ ફાસ્ટેસ્ટ સદીના ડેવિડ મિલરના રેકોર્ડની બરાબરી કરી ?
- રોહિત શર્મા

૬ રોહિત શર્માએ કયાં દેશ વિરૂધ્ધ ટી–૨૦માં ફાસ્ટેસ્ટ સદી નોંધાવી ?
- શ્રીલંકા

૭ શ્રીલંકા વિરૂધ્ધ રોહિત શર્માએ કેટલા બોલમાં ફાસ્ટેસ્ટ સદી નોંધાવી ?
- ૩૫ બોલ

## 24.December 2017

**(૧) રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન :**

**(૨) ડેમ્બીન – વાવાઝોડું :**

- ફિલીપાઇન્સમાં ભયાનાક વાવાઝોડું ડેમ્બીન ત્રાટક્યું
- આ વાવાઝોડાના કારણે દેશના બીજા સૌથી મોટા ટાપુ મિનદાનદોમાં ભયાનક પુર આવ્યું હતું.
- આ વાવાઝોડામાં ૧૩૩ થી વધુ લોકોના મૃત્યુ થયા હતા.

**(3) સબા કરીમ :**

- ભારતીય ક્રિકેટ બોર્ડના જનરલ તરીકે ભૂતપૂર્વ ક્રિકેટ સબા કરીમની વરણી કરવામાં આવી
- અગાઉ આ પદ પર એમ.વી. શ્રીધર હતા
- સબા કરીમ ૧ જાન્યુઆરીથી પોતાનો કાર્યભાર સંભાળશે.

**(૪) INS કોચી– INS બ્રહ્મપુત્ર**

- વર્ષ ૧૯૭૧ના પાકિસ્તાન સામેના યુદ્ધમાં શાનદાર વિજયની યાદગીરી રૂપે દર વર્ષ ૪ ડિસેમ્બરના રોજ ભારતીય નૌસેના દ્વારા નૌસેના દિવસ મનાવાય છે.
- આ ઉજવણીના ભાગરૂપે નૌસેના દ્વારા અનેક કાર્યક્રમો યોજાય છે.
- આ વર્ષે ૪૬માં નૌસેના દિવસની ઉજવણીના ભાગરૂપે પોરબંદરમાં આઇએનએસ કોચી તથા આઇએનએસ બ્રહ્મપુત્ર જહાજ નિદર્શન માટે રાખવામાં આવ્યું હતું.
- આઇએનએસ કોચીની વિશેતા :
  - ભારતીય નૌસેનામાં ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ સામેલ કરવામાં આવ્યું.
  - ૧૬૩ મીટર લાબાં આ જહાજનું વજન ૭૫૦૦ ટન છે.
  - આ જહાજ ઉપરથી બ્રહ્મોસ મિસાઇલનું સ્ફળ પરિક્ષણ કરવામાં આવ્યું હતું.
- **આઇએનએસ બ્રહ્મપુત્ર :**
  - ભારતીય નૌસેનાનું બ્રહ્મપુત્ર ભારતમાં જ નિર્માણ કરાયેલ ગાઇડેડ મિસાઇલ ફ્રિગેટ જહાજ છે.
  - તે રેજિંગ રહૈનો તરીકે ઉપનામ ધરાવે છે.
  - આ જહાજ ૧૪ એપ્રિલ, ૨૦૦૦ના રોજ ભારતીય નૌસેનામાં સામેલ કરવામાં આવ્યું હતું.
  - ૩૬૦૦ ટનનું આ જહાજ ૧૨૫ મીટર લાંબુ અને ૩૦ નોટ એટલે કે ૫૬ કિલોમીટર પ્રતિ કલાકની ક્ષમતા ધરાવે છે.

પ્રશ્નો :

૧ રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન ક્યારે મનાવાય છે ?
- ૨૪ ડિસેમ્બર

૨ ડિસેમ્બર – ૨૦૧૭માં ફિલિપાઇન્સમાં કયું વાવાઝોડું આવ્યું ?
- ડેમ્બીન

૩ તાજેતરમાં ભારતીય ક્રિકેટ બોર્ડના જનરલ મેનેજર તરીકે કોની નિમણૂંક કરાઇ.
- સબા કરીમ

૪ ભારતીય નૌસેનાનું કયું જહાજ રેજિંગ રહૈનો તરીકે ઉપનામ ધરાવે છે ?
- બ્રહ્મપુત્ર

૫ આ વર્ષે ૪ ડિસેમ્બરના રોજ કેટલામો નૌસેના દિવસ ઉજાવાયો ?
- ૪૬મો

૬ ૪૬માં નૌસેના દિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાતના પોરબંદરમાં કયા બે જહાજનું નિદર્શન રાખવામાં આવ્યું ?
- INSકોચી , INSબ્રહ્મપુત્ર

## 25.December 2017

**(૧)સુશાસન દિવસ :**

- ભારતના પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપાયીના જન્મદિવસે ભારત સરકાર સુશાસન દિવસ તરીકે ઉજવે છે.
- આ વર્ષે અટલબિહારી વાજપાયીનો ૯૩મો જન્મદિવસ હતો.

Vivekanand Academy Gandhinagar

(૨) **જયરામ ઠાકુર :**
- જયરામ ઠાકુર હિમાચલ પ્રદેશમાં ૧૩માં સીએમ બનશે.
- રાજ્યમાં વિધાનસભાની ૬૮ બેઠકો માટેની ચૂંટણીમાં ભાજપનો ૪૪ બેઠક પર વિજય થયો હતો.
- જયરામ ઠાકુર ૨૦૦૯ થી ૨૦૧૩ સુધી હિમાચલ પ્રદેશ ભાજપના અધ્યક્ષ રહી ચૂક્યા છે.
- તેઓ મંડી વિધાનસભા બેઠક પરથી ચૂંટણી જીતી હવે સીએમ બનશે.

(૩) **નોમુરાનો ભારતીય જીડીપીનો અંદાજ :**
- જાપાની નાણાકીય સેવાઓના સુચકાંક નોમુરાના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૮મા ભારતનો જીડીપી ૭.૫ ટકા હશે.
- નોમુરા મુજબ જાન્યુઆરી માર્ચના ચોથા ત્રિમાસિક ગાળામાં અર્થતંત્રમાં સુધારો જોવા મળશે.

(૪) **મયંકા પટેલ :**
- વલસાડ જિલ્લાના પારડી શહેરની મયંકા પટેલ મીસીસ ઇન્ડિયા બની.
- દિલ્હી ગુડગાંવનામાં આ સ્પર્ધા યોજાઇ હતી. જેમાં ૨૧ થી ૩૪ વર્ષની વયજૂથની યુવતીઓએ આ સ્પર્ધામાં ભાગી લીધો હતો.

પ્રશ્નો :

૧ ૨૫ ડિસેમ્બરના રોજ કયો રાષ્ટ્રીય દિવસ મનાવાય છે ?
- સુશાષન દિવસ

૨ હિમાચલ પ્રદેશના સીએમ કોણ બનશે ?
- જયરામ ઠાકુર

૩ જાપાની નાણાકીય સેવાઓના સૂચકાંક નોમુરા મુજબ વર્ષ ૨૦૧૮માં ભારતનો જીડીપી કેટલો રહેશે ?
- ૭.૫

૪ તાજેતથરમાં ગુજરાતની કઇ યુવતીએ મીસીસ ઇન્ડિયાનો ખિતાબ જીત્યો ?
- મયંકા પટેલ

૫ મીસીસ ઇન્ડિયા સ્પર્ધા કયા યોજાઇ હતી ?
- દિલ્હી ગુડગાંવ

## 26.December 2017

(૧) **ગુજરાતનું પ્રથમ નિશાચર પ્રાણી સંગ્રહાલય :**
- અમદાવાદના કાંકરીયા ખાતે ગુજરાતનું પ્રથમ નિશાચર પ્રાણી સંગ્રહાલય બનાવવામાં આવ્યું.
- આ પ્રાણી સંગ્રહાલયનું ઉદ્દઘાટન ૨૫ ડિસેમ્બરના રોજ કરવામાં આવ્યું.
- અહીં વનીચાર શિયાળ, ઝરખ, કાંટા ચીડિયા, જંગલી બિલાડી, ચામાચિડીયું, બાગોડ, દિપડા, નિશાચર બગલા જેવા ૧૫૦ જેટલા નિશાચર પ્રાણીઓને તેમા રાખવામાં આવ્યા છે.
- આ સંગ્રહાલયમાં મુલાકાતીઓ રાત્રે જંગલમાં ફરત હોય તેવો માહોલ ઉભો કરાયો છે.
- ૯૦૦૦ ચો.મિટર વિસ્તારોમાં પથ્થરોની ગુફા બનાવાઇ છે.
- આ ગુફામાં ૨૨ ડિગ્રી તાપમાન રાખવામાં આવશે.

(૨) **વંદિતા ધારિયાલ :**
- ઇંગ્લીશ ચેનલ પાર કરનારી ગુજરાતની પ્રથમ મહિલા સ્વિમર
- તેણે ઇંગ્લેન્ડ અને ફ્રાંસ વચ્ચેની ૩૬ કિમીની ઇંગ્લીશ ચેનલે ૧૩ કલાક ૧૦ મિનિટ અને ૧૦ સેકન્ડમાં પાર કરી હતી.
- ૧૭ ડિગ્રી તાપમાન આ ઠંડાગાર પાણીમાં તેણે તરી આ સિદ્ધી મેળવી હતી.
- વંદિતા ધારિયાલના કોચ : કમલેશ નાણાવટી

(૩) **દેશની પ્રથમ ડ્રાઇવરલેસ મેટ્રો ટ્રેન :**
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૫ ડિસેમ્બરના રોજ નવી દિલ્હી ખાતે દેશની પ્રથમ ડ્રાઇવરલેસ મેટ્રો ટ્રેનની શરૂઆત કરાવી.
- ભારત ડ્રાઇવરલેસ ટ્રેન ચલાવનારો વિશ્વનો સાતમો દેશ બની ગયો છે.
- દેશમાં મેટ્રો રેલવેના ૧૫ વર્ષ પુરા થવા પ્રસંગે તેની શરૂઆત કરાઇ છે.
- આ મેટ્રો નોઇડના બોટનિકલ ગાર્ડનને દક્ષિણ દિલ્હી સાથે જોડે છે.
- તેને મેમેન્ટો લાઇન નામ અપાયું છે.
- આ ટ્રેન ૧૨.૬૪ કિ.મી.ના સફરમાં ૯ સ્ટેશનો પર થોભશે.

પ્રશ્નો :

૧ ગુજરાતનું પ્રથમ નિશાચર પ્રાણી સંગ્રહાલય કયાં બનશે ?
- કાંકરીયા અમદાવાદ

૨ વંદિતા ધારિયાલ કયાં ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ?
- સ્વિમિંગ

૩ ઇગ્લીશ ચેનલ પાર કરનાર પ્રથમ ગુજરાતી મહિલા સ્વમિર ?
- વંદિતા ધારિયાલ

૪ ઇંગ્લેન્ડથી ફાંસ વચ્ચેની ઇંગ્લીશ ચેનલની લંબાઇ જણાવો ?
- ૩૬ કિ.મી.

૫ કયાં શહેરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની પ્રથમ ડ્રાઇવરલેસ મેટ્રોટ્રેનની શરૂઆત કરાવી ?
- નવી દિલ્હી

૬ ભારત ડ્રાઇવરલેસ ટ્રેન ચલાવનારો વિશ્વનો કેટલામો દેશ બન્યો ?
- સાતમો

## 27.December 2017

(૧) **ભારતીય સેનાની બીજી સર્જીકલ સ્ટ્રાઇક :**
- ભારતીય જવાનોએ બીજી વખત એલઓસી પાર કરીને બીજી સર્જીકલ સ્ટ્રાઇલ કરી.
- આ સર્જિકલ સ્ટ્રાઇકમાં પાકિસ્તાનના ૫ સૈનિકોને ઠાર કર્યા.
- પીઓકેના રાવલકોટ સેક્ટરમાં રાખચિકરી વિસ્તારમાં આ ઓપરેશન પાર પાડ્યું હતું.
- આ અગાઉ સપ્ટેમ્બર, ૨૦૧૬માં એલઓસીમાં સર્જીકલ સ્ટ્રાઇક કરાઇ હતી જેમાં ૪૦ જેટલા આતંકીઓનો સફાયો કર્યો હતો.

(૨) **૨૫ નેશનલ ચીલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ – ૨૦૧૭ :**
- અમદાવાદમાં સાયન્સ સીટી ખાતે ૨૫ મી નેશનલ ચીલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ –૨૦૧૭નું આયોજન થશે.
- ૨૭ થી ૩૧ ડિસેમ્બર દરમિયાન આ પ્રદર્શન થશે.
- જેમાં બાળ વૈજ્ઞાનિક દ્વારા પ્રેઝન્ટેશન, પોસ્ટર સેશન કલ્ચરલ પ્રોગ્રોમ, વૈજ્ઞાનિક પ્રદર્શન વગેરે કાર્યક્રમો યોજાશે.
- ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને ગુજરાત સાયન્સ સીટીના ઉપક્રમે આ પ્રદર્શન યોજાશે.

Vivekanand Academy Gandhinagar

(૩) સેન્ટર ફોર ઇકોનોમી એન્ડ બિઝનેસ રિસર્ચ :
- ઇંગ્લેન્ડના સેન્ટર ફોર ઇકોનોમી એન્ડ બિઝનેસ રિસર્ચના રિપોર્ટ મુજબ ભારત ૨૦૧૮માં વિશ્વની પાંચમાં નંબરની સૌથી મોટી ઈકોનોમી બનશે.
- આ રીપોર્ટ મુજબ ભારત આગામી વર્ષ બ્રિટન અને ફ્રાંસને પણ પાછળ છોડી દેશે.
- આઉપરાંત આ રિપોર્ટમાં ચીન ૨૦૩૨માં અમેરિકાને મ્હાત કરીને વિમાનનું નંબર વન અર્થતંત્ર બનશે.

(૪) અરવિંદ જયશંકર : ફોટોગ્રાફર :
- ભારતીય ફોટોગ્રાફર અરવિંદ જયશંકરને રીડર્સ ટ્રાવેલ ફોટોગ્રાફી એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા.
- તેમને આ એવોર્ડ આઇસલેન્ડના વોટર ગ્લેશિયરની તસીવર બદલ આપવામાં આવ્યો હતો.

પ્રશ્ન :
૧ ડિસેમ્બર, ૨૦૧૭માં ભારતીય સેનાએ કયાં વિસ્તારમાં બીજી સર્જીકલ સ્ટ્રાઇક કરી ?
- પીઓકેના રાવલકોટ સેક્ટરમાં રાખચીકરી વિસ્તારમાં
૨ ઇંગ્લેન્ડના સેન્ટર ફોર ઇકોનોમી એન્ડ બિઝનેસ રિસર્ચના રિપોર્ટ મુજબ ભારત ૨૦૧૮માં વિશ્વની કેટલામી સૌથી મોટી ઇકોનોમી બનશે ?
- પાંચમી
૩ ભારતીય અરવિંદ જયશંકર કયાં ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ?
- ફોટોગ્રાફી
૪ ૨૫ નેશનલ ચીલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ – ૨૦૧૭નું આયોજન કયાં થયું હતું ?
- અમદાવાદ

## 28.December 2017

(૧) ગુજરાત સેલ્ફ ફાયનાન્સ સ્કૂલ રેગ્યુલેશન ફી એક્ટ–૨૦૧૭
- ગુજરાત સરકારે માર્ચ –૨૦૧૭માં ગુજરાત સેલ્ફ ફાઇનાન્સ સ્કૂલ રેગ્યુલેશન ફી એક્ટ–૨૦૧૭ બહાર પાડ્યો હતો.
- આ કાયદા હેઠળ ખાનગી સ્કૂલો દ્વારા લેવાતી બેફામ ફીને અટકાવી સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલી ચોક્કસ ફી અમલમાં મુકવામાં આવી હતી. જે નીચે મુજબ છે.
  (૧) પ્રાથમિક શાળા : રૂા. ૧૫૦૦૦
  (૨) માધ્યમિક શાળા : રૂા. ૨૫૦૦૦
  (૩) ઉચ્ચતર માધ્યમિક શાળા : રૂા. ૨૭૦૦૦
- આ કાયદામાં LKG, HKG માટે કોઇ અલગથી જોગવાઇ કરવામાં આવી નથી.
- સરકારશ્રીના આ કાયદા માટે ખાનગી સ્કુલોના સંચાલકોએ હાઇકોર્ટમાં અપીલ કરતાં હાઇકોર્ટ આ કાયદો યોગ્ય ઠરાવ્યો.
- તથા આ કાયદાની જોગવાઇ માત્ર ગુજરાત બોર્ડ સંલગ્ન સ્વનિર્ભર સ્કૂલોને જ નહીં પણ CBSE- IB- ICSC બોર્ડની સ્કૂલોને પણ લાગુ પડશે.
- જે ખાનગી સ્કૂલોને પોતાની ફી વધારવી હોય એ સ્કૂલે ફિ નિર્ધારણ સમિતિ સમક્ષ ફી વધારાનું કારણ દર્શાવવું પડશે જે યોગ્ય લાગશે તો સમિતિ અનુમતી આપશે.

(૨) અમરકુમાર જાડેજા– ગુજરાતી નિર્માતા :
- જાણીતા ફીલ્મ નિર્માતા અમરકુમાર જાડેજાનું રાજકોટ ખાતે અવસાન.
- તેમણે માત્ર ૧૯ વર્ષની ઉમરે મુંબઇ જઇ ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પોતાનું નામ બનાવ્યું.
- ૫ હિન્દી, ૫૦ ગુજરાતી ફિલ્મો અને ૧૫૦૦ થી વધુ આલ્બમ બનાવ્યા.
- રાજકોટનું 'અમર રતન' નામે ઓળખાતા અમરકુમારે લતા મંગેશકર મુકેશ તથા મહંમદ રફી પાસે પણ ગીત ગવડાવ્યા છે.
- ૨૦૧૭માં તેમની છેલ્લી ફિલ્મ 'સમય ચક્ર – ધ ટાઇમ સ્લોટ' હતી.
- તેમના ગીત, ગરબા આજે પણ ગુજરાતમાં પ્રખ્યાત છે.
  – માડી તારા અઘોર નગારા વાગે
  – સોના ઇંઢોણી રૂપા બેડલું
  – હાલોને માડ ગરબે રમાડું

(૩) ડૉ. આંબેડકર સંશોધન એવોર્ડ :
- ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના ઉપલક્ષ્યમાં સૌરાષ્ટ્ર યુનિ. તથા અન્ય ચાર યુનિ.માં ડૉ.આંબેડકર ચેર સેન્ટરની સ્થાપના કરી હતી.
- આ માટે સરકારે રૂા. ૩૫ લાખની ગ્રાંટ આપી હતી.
- આ ચેર દ્વારા લાંબા અને ટૂંકાગાળાના સંશોધનો, સ્મૃતી અને વ્યાખ્યાનમાળાનું આયોજન થશે.
- તથા સંશોધન માટે એવોર્ડ પણ આપવામાં આવશે.
- આ વર્ષ આંબેડકર ચેર દ્વારા પાંચ સંશોધકોને એવોર્ડ એનાયત થશે. જે નીચે મુજબ છે.
  (૧) ડૉ. તૃપ્તી બી વ્યાસ
  (૨) ડૉ. કરિશ્મા સોંદરવા
  (૩) ડૉ. કનૈયાલાલ ડામોર
  (૫) મગનલાલ મોલીયા
- આ પાંચ સંશોધનકર્તાને સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ ડૉ. પ્રતાપસિંહના હસ્તે ૨૮ ડિસેમ્બરના રોજ એવોર્ડ એનાયત થશે.
- આ એવોર્ડમાં ઇનામી રાશી રૂા. ૫૦૦૦૦ હશે.

(૪) કે. કૈલાશનાથન :
- કે.કૈલાશનાથન ને ફરી એકવાર રાજ્યના મુખ્યમંત્રીના ચીફ પ્રિન્સિપાલ સેક્રેટરી તરીકે નિમણુંક આપી છે.
- કૈલાશનાથન ગુજરાત કેડરના ૧૯૭૯ બેચના આઇએએસ અધિકારી છે.
- તેમનો કાર્યકાળ ૨ વર્ષનો રહેશે.
- તેઓ ૨૦૧૩માં રિટાયર્ડ થયા બાદ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના માટે ચીફ પ્રિન્સીપાલ સેક્રેટરીની વિશિષ્ટ પોસ્ટ ઉભી કરી હતી.
- ત્યારથી લઇ આનંદીબેન પટેલ અને વિજયભાઇ રૂપાણીની સરકારમાં પણ તેઓ આ પદ પર રહ્યાં હતાં.

(૫) હવેથી વાંસને વૃક્ષના બદલે ઘાસનો દરજ્જો :
- ભારતીય વન કાયદા હેઠળ વાંસ વૃક્ષની વ્યાખ્યામાં આવતું હતું.
- જેને હવે ઘાસનો દરજ્જો આપવા સુધારા બીલ રાજ્યસભા અને લોકસભામાં પસાર થયું.
- આ સુધારો બિન વન્યક્ષેત્ર અને ખાનગી જમીન પર ઉગેલા વાંસને કાપવા અને તેના પરિવહનને સરળ બનાવવા કરાયો છે.
- જેથી આદિવાસી સમુદાયો અને ખેડૂતોની આવકમાં વધારો થાય.

Vivekanand Academy Gandhinagar

**(૬) દુનિયાનો સૌથી નાનુ ટાપુ :**

– અમેરિકાના ન્યુયોર્ક સ્ટેટમાં માનવ વસવાટવાળો દુનિયાનો સૌથી નાનો ટાપુ આવેલો છે.
– તેની સાઇઝ ફક્ત ૩૩૦૦ ચોરસ ફુટ છે.
– ત્આ ટાપુને 'જસ્ટ ઇનફ રૂમ' નામ આપવામાં આવ્યું છે.
– તે અગાઉ હબ આઇલેન્સ તરીકે ઓળખાતો હતો.
– ટાપુ પર તેના માલિકે એક કોટે જ બનાવ્યું જે જ્યાં રજાનઓમાં પ્રવાસીઓ મુલાકાત લે છે.

પ્રશ્ન :

૧ ગુજરાત સેલ્ફ ફાઇનાન્સ સ્કૂલ રેગ્યુલેશન ફી એક્ટ–૨૦૧૭ મુજબ ખાનગી શાળામામાં માધ્યમિક શાળાની ફી મર્યાદા જણાવો.
– ૨૫૦૦૦/–
૨ ફિ નિયમન ધારા મુજબ ઉચ્ચતર માધ્યમિક શાળામાં ફિ મર્યાદા જણાવો.
– ૨૭૦૦૦
૩ ડિસેમ્બર, ૨૦૧૭માં કયા ગુજરાતી નિર્માતાનું અવસાન થયું ?
– અમરકુમાર જાડેજા
૪ અમરકુમાર જાડેજાની છેલ્લી ફિલ્મ જણાવો ?
– 'સમય ચક્ર – ધ ટાઇમ સ્લોટ'
૫ અમરકુમાર જાડેજા કયા નામે ઓળખાય છે ?
– રાજકોટનું અમર રતન
૬ સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા અપાતા ડૉ. આંબેડકર સંશોધન એવોર્ડમાં ઇનામી રાશી જણાવો?
– ૫૦૦૦૦
૭ ગુજરાત સીએમના ચીફ પ્રિન્સીપાલ સેક્રેટરી પદે કોની નિમણૂંક કરાઇ ?
– કે. કૈલાશનાથન
૮ કે. કૈલાશનાથન કઇ બેચના આઇએએસ અધિકારી છે ?
– ગુજરાત કેડર ૧૯૭૯ બેચ
૯ માનવ વસવાટ વાળો અમેરિકામાં આવેલ દુનિયાના સૌથી નાના ઇનફ રૂમ

## 29.December 2017

**(૧) ટ્રિપલ તલાક બિલ લોકસભામાં પસાર :**

– તાજેતરમાં લોકસભામાં ૧૪૦૦ વર્ષ જૂની ટ્રિપલ તલાક પ્રધાને નાબુદ કરતું બિલ પસાર કરવામાં આવ્યું.
– ૭ કલાક ચર્ચા બાદ ૨ વિરૂદ્ધ ૨૪૧ મતથી બિલ પસાર થયું.
– હવે આ બિલ રાજ્યસભામાં મોકલવામા આવશે.
– બિલમાં મહત્વની જોગવાઇ :

– ટ્રિપલ તલાકએ સજાનેપાત્ર બિનજામીનપાત્ર ગુનો બનશે.

– ટ્રિપલ તલાક આપનાર પતિ કે વ્યક્તિને ૩ વર્ષની કેદ અને દંડ કરાશે.

– ટ્રિપલ તલાક પીડિતા મહિલા પોતાના માટે અને સંતાનો માટે ભરણપોષણ મેળવી શકશે.

– પીડિતાને તેના સંતાનો માટે કસ્ટોડિયલ રાઇટ્સ મળશે.

– પીડિતા મેજીસ્ટ્રેટ સમક્ષ ફરિયાદ કરીને પતિને સજા આપવી શકશે.

– સંતાનોની કસ્ટડી અને ભરણપોષણનો નિર્ણય મેજીસ્ટ્રેટ લઇ શકશે.

– ટ્રિપલ તલાક પછી એક વર્ષમાં મુસ્લિમ મહિલા ફરિયાદ કરી શકશે.

– હવે રાજ્યસભામાં આ બિલ પસાર થતાં કાયદો બની જશે.
– કેન્દ્રિય કાયદા પ્રધાન : રવિશંકર પ્રધાન

**(૨) પક્ષી ગણતરી :**

– નળ સરોવર અને થોળ પક્ષી અભયારણ્ય ખાતે ફેબ્રુઆરીમ પક્ષીઓની ગણતરી કરવામાં આવશે.
– દેશ– વિદેશના કુલ ૧૮ જાતની પક્ષીઓ અહીં નવેમ્બર– ડિસેમ્બર માસમાં જોવા મળે છે.
– અમદાવાદ નજીક આવેલા નળસરોવર ખાતે ૧૯૯૨ થી તથા થોળ ખાતે વર્ષ ૨૦૦૪થી પક્ષીઓની ગણતરી થાય છે.
– વન વિભાગ દ્વારા દર બે વર્ષ પક્ષીઓની ગણતરી થાય છે.
– આ માટે વિવિધ ઝોન પાડીને વોલિયન્ટરોની મદદથી આ ગણતરી હાથ ધરાશે જેમાં સવાર અને સાંજના સમયે ગણતરી કરેશે.

**(૩) રાજ્યના મંત્રીઓને ખાતાની ફાળવણી :**

– ૨૬ ડિસેમ્બરના શપથ વિધિ કાર્યક્રમ બાદ ૨૮ ડિસેમ્બરના રોજ ખાતાની ફાળવણી કરવામાં આવી.
– ૧૦ કેબિનેટ પ્રધાન તથા ૧૦ રાજ્યકક્ષાના મંત્રીઓને ખાતાની ફાળવણી કરવામાં આવી છે. જે છેલ્લા પેજ પર તેની રૂપરેખા આપેલ છે.

પ્રશ્ન :

૧ ટ્રિપલ તલાક આપનાર પતિ કે વ્યક્તિને કેટલા વર્ષની સજા થઇ શકશે ?
– ૩ વર્ષ
૨ ટ્રિપલ તલાક પછી કેટલા સમયમાં મુસ્લિમ મહિલા ફરીયાદ કરી શકશે ?
– ૧ વર્ષ
૩ વનવિભાગ દ્વારા દર કેટલા વર્ષે પક્ષી ગણતરી થાય છે ?
– ૨ વર્ષ
૪ કેન્દ્રીય કાયદાપ્રધાન કોણ છે ?
– રવિશંકર પ્રધાન

## 30.December 2017

**(૧) કનૈયાલાલ મુનશી :**

– ગુજરાતી ભાષાના સાહિત્યકાર અને સ્વતંત્રતા સૈનિક કનૈયાલાલ મુનશીનો આજે જન્મદિવસ છે.
– ભરૂચમાં જન્મેલા મુનશી ગાંધીજીના પ્રભાવમાં આવી આઝાદીના આંદોલનમાં જોડાયા.
– ૧૯૩૭માં મુંબઇ સરકારમાં તેઓ મંત્રી હતા
– તેમણે બંધારણ સભાના સભ્ય, ઉત્તરપ્રદેશના રાજ્યપાલ, કેન્દ્ર સરકારમાં પ્રધાજ જેવા હોદ્દાઓ પણ શોભાવ્યા હતા.
– તેઓ ૧૯૩૭, ૧૯૪૯ અને ૧૯૫૫માં ગુજરાતી સાહિત્ય પરિષદનના પ્રમુખ પણ બન્યા હતા.
– વર્ષ ૧૯૮૮માં ભારત સરકારે તેમની પ્રવૃતિઓની કદરરૂપે ટપાલ ટિકિટ બહાર પાડી હતી.
– **ક.મા. મુનશીને પ્રખ્યાતકૃતિ :**

Vivekanand Academy Gandhinagar

ગુજરાતનો નાથ, રાજાધિરાજ, પાટણની પ્રભુતા, કાકાનીશીશી, કૃષ્ણઅવતાર, ગુજરાતની અસ્મિતા, લોપામુદ્રા તપસ્વિની...

**(૨) વિશ્વનાથ આનંદ – ચેસ :**

- ભારતીય ચેસ માસ્ટર વિશ્વનાથ આનંદ વર્લ્ડ રેપિડ ચેસ ચેમ્પિયનશીપમાં વિજેતા બન્યા.
- આ ચેમ્પિયનશીપ રિયાધમાં યોજાઇ હતી.
- આનંદે આ ટૂર્નામેન્ટમાં ૧૭ મેચ રમી હતી જેમાં ૧૦ મેચ ડ્રો તથા ૭ માં વિજયી બન્યા હતા.
- પાંચ વખત ફિડે વર્લ્ડ ચેમ્પિયન રહી ચૂકેલા વિશ્વનાથ આનંદે ૧૪ વર્ષ બાદ રેપિડ એસ.ચેમ્પિયનશીપનો તાજ જીત્યો હતો.
- આ પહેલા તેણે વર્ષ ૨૦૦૩માં આ ખિતાબ જીત્યો હતો.
- આ સાથે આનંદ છઠ્ઠી વખત વર્લ્ડ ચેમ્પિયન બન્યા.
- ટાઇગર ઓફ મદ્રાસ નામથી ફેમસ વિશ્વનાથ આનંદનો જન્મ તમિલનાડુમાં થયો હતો.
- તેણે પોતાની ચેસ યાત્રા પર વર્ષ ૧૯૯૮માં 'માય બેસ્ટ ગેમ ઓફ ચેસ' પુસ્તક લખ્યું હતું.
- તે પુસ્તકને બ્રિટિશ ચેસ ફાઉન્ડેશને બુક ઓફ ધ યર પસંદ કર્યું હતું
- આનંદના નામ પર એક પ્લેનેટનું નામ પણ રાખવામાં આવ્યું છે.– વિશ્વાનંદ
- વિશ્વનાથ આનંદને મળેલા સન્માન :
  - ૬ વખત ચેસ ઓસ્કાર એવોર્ડ
  - વર્ષ ૧૯૮૫માં અર્જુન અર્વોર્ડ
  - વર્ષ ૧૯૮૮માં પદ્મશ્રી એવોર્ડ
  - વર્ષ ૨૦૦૭માં પદ્મવિભૂષણ
  - વર્ષ ૧૯૯૧ – ૯૨માં પ્રથમ ખેલરત્ન એવોર્ડ
  - ૬ વખત વર્લ્ડ ચેમ્પિયન

પ્રશ્ન :

૧ કનૈયાલાલ મુનશીનો જન્મ કયાં થયો હતો ?
– ભરૂચ
૨ કૃષ્ણ અવતાર અને ગુજરાતની અસ્મિતાના રચયિતા ?
– કનૈયાલાલ મુનશી
૩ કયા મુનશી કયાં રાજયના રાજયપાલ રહી ચૂક્યા હતાં ?
– ઉત્તરપ્રદેશ
૪ તાજેતરમાં વર્ષ રેપિડ ચેસ ચેમ્પિયનશીપ કોણે જીતી ?
– વિશ્વનાથ આનંદ
૫ ૨૦૧૭માં ચેમ્પિયનશીપ જીત્યા બાદ આનંદ કેટલામી વખત વર્લ્ડ ચેમ્પિયન બન્યો ?
– છઠ્ઠી વખત
૬ વિશ્વનાથ આનંદ કયાં ઉપનામથી ઓળખાય છે ?
– ટાઇગર ઓફ મદ્રાસ
૭ વિશ્વનાથ આનંદે ૧૯૯૮માં કયું પુસ્તક લખ્યું હતું ?
– માય બેસ્ટ ગેમ ઓફ એસ
૮ વિશ્વનાથ આનંદના નામ પર એક પ્લેનેટનું નામ રાખવામાં આવ્યું છે ? તેનું નામ જણાવો ?
– વિશ્વાનંદ
૯ ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૭માં વિશ્વનાથ આનંદને કયાં એવોર્ડથી સન્માનીત કર્યા હતા ?
– ક્રિકેટ
૨ હાલમાં રજનીશ ગુરબાનીએ કઇ સિદ્ધી નોંધાવી ?
– રણજી ટ્રોફી ફાઇનલમાં હેટ્રીક લીધી
– પદ્મ વિભૂષણ

## 31.December 2017

**(૧) રજનીશ ગુરબાની : ક્રિકેટર :**

- વિદર્ભ તરફથી રમતા રજનીશ ગુરબાનીએ રણજી ટ્રોફીની ફાઇનલ મેચમાં હેટ્રીક ઝડપી ઇતિહાસ સર્જ્યો.
- આ સિદ્ધી તેણે દિલ્હી વિરૂદ્ધ નોંધાવી હતી.
- આ મેચ ઇન્દોરના હોલકર સ્ટેડિયમમાં રમાઇ હતી.
- રણજી ટ્રોફીની ફાઇનલમાં હેટ્રિક ઝડપનારો ગુરબાની માત્ર બીજો બોલર બન્યો.
- આ અગાઉ રણજીની ફાઇનલમાં હેટ્રીકની ઘટના એપ્રિલ ૧૯૭૩માં તમિલનાડુ અને બોમ્બે વચ્ચેની મેચમા બની હતી.
- તમિલનાડુના મીડિયમ પેસર બી કલ્યાણસુંદરમ્ મુંબઇ સામેની રણજી ફાઇનલમાં હેટ્રીક ઝડપી હતી.
- તે મુકાબલામાં બોમ્બે ૧૨૩ રનથી વિજેતા બન્યું હતું.

**(૨) સોફિયા રોબોટ :**

- વિશ્વની સૌપ્રથમ રોબોટ સિટિઝન સોફિયા ભારતની મહેમાન બની
- તેણે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી બોમ્બે (IIT-B) ખાતે ટેકફેસ્ટ– ૨૦૧૭માં વ્યક્તત્વ આપયું હતું.
- તે ભારતીય પરિધાન સાડીમાં જોવા મળી હતી.
- થોડા સમય અગાઉ સોફિયાને સાઉદી અરેબિયાએ નાગરિત્વ આપ્યું હતું.
- તે કોઇ દેશનું નાગરિત્વ મેળવનાર પ્રથમ રોબોટ છે.

**(૩) કોમનવેલ્થ ગેમ્સમાં ક્વોલિફાય થનાર ભારતના રેસલર :**

- આગામી ૪ થી ૧૫ એપ્રિલ દરમિયાન ઓસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટમાં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન થશે.
- આ કોમનવેલ્થ ગેમ્સ માટે ૬ ભારતીય પુરૂષ રેસલર તથા ૬ ભારતીય મહિલા રેસલરે ક્વોલિફાય કરી લીધું છે.
- જે નીચે મુજબ છે.

પુરૂષ રેસલર :
(૧) સુશીલકુમાર (૭૪ કિ.ગ્રા.)
(૨) રાહુલ (૫૭ કિ.ગ્રા.)
(૩) બજરંગ (૬૫ કિ.ગ્રા.)
(૪) સોમવીર (૮૬ કિ.ગ્રા.)
(૫) મૌસમ (૯૭ કિ.ગ્રા.)
(૬) સુમિત (૧૨૫ કિ.ગ્રા.)

**મહિલા રેસલર :**
(૧) સાક્ષિ મલિક (૬૨ કિ.ગ્રા.)
(૨) વિનેશ ફોગટ (૫૦ કિ.ગ્રા.)
(૩) બબીતા ફોગટ (૫૩ કિ.ગ્રા.)
(૪) પુજા ઢાંડા (૫૭ કિ.ગ્રા.)
(૫) દિવ્યા કાકરાન (૬૮ કિ.ગ્રા.)
(૬) કિરન : (૭૬ કિ.ગ્રા.)

પ્રશ્ન :

૧ રજનીશ ગુરબાની કઇ રમત સાથે સંકળાયેલ છે ?

3 રજનીશ ગુરબાની રણજી ટ્રોફીમાં કઇ ટીમ તરફથી રમે છે ?
– વિદર્ભ

૪ કઇ ટીમ વિરૂદ્ધ રજનીશે રણજી ટ્રોફીની ફાઈનલમાં હેટ્રીક નોંધાવી ?

– દિલ્હી

૫ રણજી ટ્રોફીની ફાઇનલ મેચમાં હેટ્રીક નોંધાવનાર રજનીશ કેટલામો ખેલાડી બન્યો ?

– બીજો

૬ વિશ્વની સૌપ્રથમ રોબોટ કે જેને કોઇ દેશનું નાગરિત્વ મળ્યું છે, તેનું નામ જણાવો.

– સોફીયા

૭ કયા દેશ સોફિયાને નાગરીત્વ આપ્યું ?

– સાઉદી અરેબિયા

# ગુજરાત રાજ્યનું મંત્રીમંડળ

## કેબિનેટકક્ષાના મંત્રી

| ક્રમ | નામ અને હોદ્દો | વિષયોની ફાળવણી |
|---|---|---|
| ૧ | શ્રી વિજય રૂપાણી (મુખ્યમંત્રી) | સામાન્ય વહીવટ, ઉદ્યોગ ગૃહ, શહેરી વિકાસ, બંદરો, ખાણ ખનીજ, માહિતી પ્રસારણ, પેટ્રોલિયમ, ક્લાઇમેન્ટ ચેન્જ, પ્લાનિંગ સાયન્સ એન્ડ ટેકનોલોજી તમામ નિતિઓ અને કોઇ મંત્રીઓને ન ફાળવાયેલ તેવી તમામ બાબત |
| ૨ | શ્રી નિતિનકુમાર રતિલાલ પટેલ (નાયબ મુખ્યમંત્રી) | નાણાં, માર્ગ અને મકાન, અરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબીશિક્ષણ, નર્મદા, કલ્પસર, પાટનગર યોજના. |
| ૩ | આર.સી. ફળદુ | કૃષિ, ગ્રામ વિકાસ, મત્સ્ય, ઉદ્યોગ, પશુપાલન, વાહનવ્યવહાર. |
| ૪ | ભૂપેન્દ્રસિંહ ચુડાસમા | શિક્ષણ, (પ્રાથમિક માધ્યમિક, પૌઢ), ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ, કાયદો અને ન્યાય તંત્ર વૈધાનિક અને સંસદીય બાબતો, મીઠા ઉદ્યોગ, ગૌ સંવર્ધન, નાગરિક ઉડ્ડયન. |
| ૫ | કૌશીક જે. પટેલ | મહેસૂલ |
| ૬ | સૌરભ પટેલ | ઉર્જા |
| ૭ | ગણપત વાસાવા | આદિવાસી વિકાસ, પ્રવાસન, વન, મહિલા અને બાળ કલ્યાણ |
| ૮ | જયેશ રાદડિયા | અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, કુટીર ઉદ્યોગ છાપ કામ અને લેખન સામગ્રી |
| ૯ | દિલીપ ઠાકોર | શ્રમ અને રોજગાર, ડિઝાસ્ટર, મેનેજમેન્ટ, યાત્રાધામ વિકાસ |
| ૧૦ | ઇશ્વર પરમાર | સામાજીક ન્યાય અને અધિકારીતા (અનુસૂચિત જાતિ કલ્યાણ), સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત) |

## રાજ્યકક્ષાના મંત્રી

| | | |
|---|---|---|
| ૧ | પ્રદિપસિંહ જાડેજા | ગૃહ, ઉર્જા, વૈધાનિક અને સંસદીય બાબત, કાયદો, ન્યાયતંત્ર (રાજ્યકક્ષા) પોલીસ હાઉસિંગ, બોર્ડર સિક્યુરિટી, સિવીલી ડિફેન્સ, ગ્રામ રક્ષક દળ, જેલ નશાબંધી આબકારી, સ્વચ્છીક સંસ્થાઓનું સંકલન, બિનનિવાસી ગુજરાત પ્રભાગ પ્રોટોકોલ (તમામ સ્વતંત્ર હવાલો) |
| ૨ | પરબત પટેલ | સિંચાઇ, પાણી પુરવઠા (સ્વતંત્ર હવાલો) |
| ૩ | પરષોત્તમ સોલંકી : | મત્સ્ય ઉદ્યોગ |
| ૪ | બચુ ખાબડ | ગ્રામગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, પશુપાલન, ગૌસંવર્ધન |
| ૫ | જયદ્રથસિંહ પરમાર | કૃષિ વિભાગ (રાજ્યકક્ષા) પંચાયત, પર્યાવરણ (સ્વતંત્ર હવાલો) |
| ૬ | ઇશ્વરસિંહ પટેલ | સહકાર, રમત–ગમત ગુવક સાંસ્કૃતિક વિભાગ (સ્વતંત્ર હવાલો), વાહન વ્યવહાર (રાજ્યકક્ષા) |
| ૭ | વાસણ આહિર | સામાજીક, શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ |
| ૮ | વિભાવરી દવે | મહિલા બાળ કલ્યાણ વિભાગ (પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ) અને યાત્રાધામ |
| ૯ | રમણ પાટકર | વન અને આદિજાતી વિભાગ |
| ૧૦ | કિશોર કાનાણી (કુમાર) | આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબીશિક્ષણ |

--------સત્યમેવ જયતે--------

Vivekanand Academy Gandhinagar